RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 152* Date: 31.03.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લોકડાઉનમાં વધારો કરવાની અટકળો વચ્ચે સરકારનો મોટો ખુલાસો

# કોરોનાઃ લોકોને રાહત, લોકડાઉનમાં વધારો નહીં થાય

ન્યુ દિલ્હી,તા.૩૦

અમેરિકા જેવા શકિતશાળી દેશને હંફાવનાર કોરોના મહામારી રોગચાળાથી ભારતને બચાવવા ચાલી રહેલા ૨૧ દિવસના રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના આજે છઠ્ઠા દિવસે કેન્દ્ર સરકાર દ્વારા લોકોને રાહતરૂપ એવો ખુલાસો કરાયો છે કે ૧૪ એપ્રિલના રોજ લોકડાઉનની નિર્ધારિત સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તેને લંબાવવાની હાલ કોઈ યોજના નથી, સરકારે એવો કોઈ નિર્ણય પણ કર્યો નથી. સરકારને આ બાબતની સ્પષ્ટતા એટલા માટે કરવી પડી છે કેમ કે સોશ્યલ મિડિયા સહિત કેટલાક માધ્યમોમાં એવી જાણકારી ફેલાવવામાં આવી રહી છે કે કોરોનાની ભયાનકતાને જોતા સરકાર લોકડાઉનમાં વધારો કરી શકે છે. એવા ઘણા રિપોર્ટ આવ્યા હતા કે સરકાર લોકડાઉનને ૯૦ દિવસ સુધી વધારી શકે છે. અને એવી જાણકારીને કારણે લોકોમાં બિનજરૂરી તનાવ ફેલાઈ શકે. તેથી સરકારને આ ખુલાસો કરવાની ફરજ પડી હતી.



કેન્દ્ર સરકાર વતી કેબિનેટ સેક્રેટરી રાજીવ ગૌબાએ આજે સ્પષ્ટતા કરી હતી કે સરકારની હાલના લોકડાઉન આગળ વધારવાની કે લંબાવવાની કોઈ યોજના નથી. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે હું લોકડાઉન વધારવાના રિપોર્ટ જોઈ ચોંકી રહ્યો છું. સરકારની આવી કોઈ યોજના નથી. હાલ ૧૪ એપ્રિલથી આગળ વધારવાની યોજના નથી આમ દેશભરમાં લોકડાઉન લાંબું ખેંચાવાની ચર્ચા અને અહેવાલ વચ્ચે મોદી સરકારે કરી મોટી સ્પષ્ટતા કરી હતી. એવી ચર્ચા હતી કે લોકડાઉન આગળ પણ વધી શકે છે. સરકારે આ અંગે સ્પષ્ટત કરી દીધી અને તેમની એવી કોઈ જ યોજના નથી.

સૂત્રોએ કહ્યું કે ભારતમાં કોરોના વાઈરસના દર્દીઓની રોજેરોજ વધતી જતી સંખ્યાને જોતા એવા રિપોર્ટ આવી રહ્યા હતા કે સરકાર લોકડાઉન વધારવા પર વિચાર કરી શકે છે. જો કે સરકારના આજના ખુલાસા બાદ લોકડાઉન અંગેની સંકા-કૂશંકા પર પૂર્ણવિરામ મૂકાઈ ગયો છે. ભારતમાં કોરોનાના અત્યાર સુધી ૧૦૨૪ દર્દી સામે આવ્યા છે જયારે ૨૭ લોકોના આ જીવલેણ બીમારીથી મોત થયા છે.

નોંધનીય છે કે કોરોનાથી અન્ય દેશોની ભયાનક હાલત જોઈને અને ભારતમાં પણ આ મહામારી કોરોનાના વધતા કેસને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૪ માર્ચના રાત્રના ૧૨ વાગ્યાથી દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું હતું. પીએમે લોકોને આ બીમારીથી બચવા માટે પોતાના ઘરની આગળ લક્ષ્મણ રેખા ખેંચવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સોશિયલ ડિસ્ટેંસિંગથી આ બીમારી રોકાશે. કેન્દ્ર સરકારે લોકડાઉનની સખ્તીથી લાગૂ કરવા માટે રાજ્યોને આદશ આપ્યો છે. તો લોકડાઉનથી લોકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે પણ મોદીએ રવિવારે મન કી બાતમાં દેશના લોકોની માફી માંગી હતી અને લોકડાઉનના નિયમોનું પાલન કરવા ભાર મૂક્યો હતો.

લોકડાઉન વચ્ચે ગત દિવસોમાં દિલ્હી, મુંબઈ, સુરત સહિત અન્ય મોટા શહેરોમાંથી રોજ કમાઈને ગુજરાન ચલાવનારા કામદારો હજારોની સંખ્યમાં પગપાળા પોતાના રાજ્યો તરફ જઈ રહ્યા હતા.

જેને રોકવા માટે કેન્દ્ર સરકારે કટોકટીના ફંડના નિયમોમાં ફેરફાર કર્યો હતો. ગૃહમંત્રાલયે રાજયને લખેલા પત્રમાં કહ્યું કે, તે મજૂરો માટે અસ્થાઈ શિબિર બનાવવા, ખાવા અને મેડિકલ સુવિધા માટે કટોકટી ફંડની રકમ ખર્ચ કરી શકે છે. સાથે જ કહ્યું કે, બોર્ડર પર મજૂરોની મુવમેન્ટને રોકવામાં આવે. આ લોકોને સરહદ પર જ ૧૪ દિવસ માટે ક્વૉરન્ટીન કરવામાં આવે. મજૂરોની હિઝરત અંગે ચર્ચા કરવા માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહના આવાસ પર મંત્રી સમૂહની બેઠક પણ થઈ હતી.

લોકડાઉન દરમિયાન લોકોની અવર જવર અંગે ગૃહ મંત્રાલયે કહ્યું કે, અમે લોકડાઉનને સખતાઈથી લાગું કરવા માટે ૨૪ કલાક દેખરેખ કરી રહ્યા છીએ. મંત્રાલયે તમામ રાજ્યોને આદેશ આપ્યા છે કે કોઈ પણ રાજ્યની બોર્ડર અથવા હાઈવે પર લોકોની અવર જવર ન થાય. જો આદેશમાં થોડી પણ ચૂક થશે તો તેના માટે જિલ્લાના ડીએમ-ડેપ્યુટી કમિશનર અને એસએસપી વ્યક્તિગત રીતે જવાબદાર ગણાશે.

### સંક્રમિત લોકોનો આંકડો ૭ લાખને પાર, સ્પેનમાં વધુ ૮૨૧ના મોત

# કોરોના વાયરસને પગલે વિશ્વભરમાં ૩૩ હજારથી વધુના મોત

રોમ/મેડ્રિડ,તા.૩૦

કોરોનાએ તેનો કાળમુખો પંજો સમગ્ર વિશ્વ પર ફેલાવ્યો છે અને અત્યાર સુધીમાં કોરોના વાયરસને પગલે દુનિયાભરમાં ૭,૨૨,૧૯૬ લોકો શિકાર બન્યા છે તેમજ ૩૩,૯૭૬ લોકો મોતને ભેટ્યા છે. કોરોનાનો મહા પ્રકોપ અટકવાનું નામ નથી લઈ રહ્યો. સાત લાખ વધુ લોકોને પોતાની લપેટમાં લેનાર આ કોરોના સામે વિશ્વભરના દેશો વામણા પુરવાર થયા છે. બીજીતરફ દોઢ લાખ લોકો આ બીમારીમાંથી ઉગરી શક્યા છે જે સારી બાબત જણાય છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૦૦થી વધુ લોકોના મોત થયા છે જેને




પગલે આંકડો ૨૫૦૦ની નજીક પહોંચ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આગામી બે સપ્તાહમાં કોરોનાથી મૃત્યુનો આંક ટોચ પર હશે. ટ્રમ્પે જણાવ્યું છે કે ૩૦ એપ્રિલ સુધી સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમ અમલમાં રહેશે. બીજી બાજુ બ્રિટનના ડેપ્યૂટી ચીફ મેડિકલ ઓફિસર જેની હેરીઝે રવિવારે માહિતી આપી છે કે, દેશમાં કોરોના બીજા ફેઝમાં છે. અહીં ૬ મહિનાનું લોકડાઉન લગાવવામાં આવી શકે છે.

વર્લ્ડોમીટરના આંકડા મુજબ ઈટાલીમાં અત્યાર સુધીમાં ૯૭૬૮૯ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૧૦,૭૭૯ થયો છે જે વિશ્વમાં સૌથી વધુ છે. સ્પેનમાં ૮૦,૧૧૦ દર્દીઓ સામે મૃત્યુઆંક ૬,૮૦૦ને પાર કરી ગયો છે. સ્પેન અને ઈટાલીની સ્થિતિ ઘણી જ કફોડી છે. ઈટાલીમાં વેન્ટિલેટરની અછત વર્તાઈ રહી છે તેમજ હોસ્પિટલમાં દર્દીઓને રાખવાની જગ્યા પણ નથી.

ચીનમાં સંક્રમણના નવા ૩૧ કેસ સામે આવ્યા છે જેને પગલે કુલ સંક્રમિત લોકોની સંખ્યા ૮૧,૪૭૦ થઈ છે. જે પૈકી ૩૦ લોક દેશ બહારના છે. રવિવારે હુબેઈ પ્રાંતમાં ચાર મોત થયા હોવાનું રાષ્ટ્રીય આરોગ્ય પંચે જણાવ્યું હતું. વુહાન શહેરમાં ૮ એપ્રિલ સુધી લોકડાઉન રહેશે. ચીનમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંકડો ૩,૩૦૪ પર પહોંચી ગયો છે.છેલ્લા ૨૪ કલાકમાં ઈરાનમાં ૧૨૩ મોત થયા છે આ સાથે મૃત્યુઆંક ૨૬૪૦ પહોંચી ગયો છે. કુલ પોઝિટિવ કેસ ૩૮,૩૦૯ નોંધાયા છે. તેમાંથી ૩૪૬૭ લોકો આઈસીયુમાં છે. ૧૨૩૯૧ લોકો સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપ દેવામાં આવી છે. પાકિસ્તાનમાં કોરોના વાયરસના ૧,૫૨૬ કેસ નોંધાયા છે અને ૧૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

### વધતા કેસો વચ્ચે રાહતના સમાચાર, ૧૦૨ દર્દીઓ સ્વસ્થ થયા

# દેશમાં કોરોનાથી સંક્રમિતોનો આંકડો ૧૨૦૦ને પારઃ કુલ ૩૪ના મોત

ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાઈરસના આજે ૩૪ નવા કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૮, ગુજરાતમાં ૬, જમ્મુ કાશ્મીરમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, જયારે રાજસ્થાન, પંજાબ અને આંદામાન-નિકોબારમાં ૧-૧ સંક્રમિત મળ્યા છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨૦૦ થઈ ગઈ છે. ૩૪ લોકોના મોત થઈ ગયા છે. દેશમાં કોરોનાના વધતા જતા દર્દીઓ વચ્ચે એક સારા અહેવાલ એવા પણ છે કે, સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧૦૨ પર પહોંચી ચુકી છે.

આજે દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૧૯૦ પર પહોંચી છે. જયારે મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૨૯ થઈ છે. આજે દર્દીઓની સંખ્યામાં ઝડપભેર વધારો થઈ રહ્યો છે. સૌથી વધારે કેસ હાલમા મહારાષ્ટ્રમાં છે. માહારષ્ટ્રમાં ૨૧૫ કેસોમાં ૭ લોકોનાં મોત થઈ ગયાં છે. કેરળમાં કેસોની સંખ્યા ૨૦૨એ પહોંચી છે. મહારાષ્ટ્રમા આજે ૧૨ નવા કેસ બહાર આવ્યા છે. કર્ણાટકમાં આ આંક ૮૩ એ પહોંચ્યો છે. કર્ણાટકમાં અત્યારસુધીમાં ૫ લોકો રિકવર થયા છે.

કેરળમાં ૨૦ દર્દીઓ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં પણ ૨૫ દર્દીઓ સાજા થયા છે. ગુજરાત માટે કમનસીબી એ છે કે, ૬૯ કેસોમાં ૧ વ્યક્તિ જ રિકવરી પોઝિટીવ આવી છે અને ૬ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આજે ગુજરાતમાં ૬ નવા કેસો બહાર આવ્યા છે. તામિલનાડુમાં આજે ૧૭ કેસ પોઝિટીવ બહાર આવતાં કુલ આંક ૬૭એ પહોંચ્યો છે. જ્યાં ૪ લોકો કોરોના પોઝિટીવની તબિયત સુધરી છે. ગુજરાતમાં ૨ લોકોની તબિયતમાં સુધારો આવ્યો છે. દેશમાં કુલ કોરોના પોઝિટીવની સંખ્યા ૧૧૯૦એ પહોંચી છે. જેમાં ૧૦૨ દર્દીઓની સ્થિતિ રિકવર થઈ છે. હજુ પણ ૧૦૫૯ લોકો મોત સામે ઝઝૂમી રહ્યાં છે. દેશમાં કુલ ૨૯ લોકોનાં મોત થઈ ચૂક્યા છે.

આ દર્દીઓમાં કુલ ૪૯ વિદેશી પણ સામેલ છે. મહારાષ્ટ્ર અને કેરલ દર્દીઓની સંખ્યામાં મોખરે છે. બંને રાજયોમાં દર્દીઓની સંખ્યા ૨૦૦ને પાર કરી ગઈ છે. જયારે ગુજરાતમાં દર્દીઓની સંખ્યા ૬૯ પર પહોંચી છે. દેશના સૌથી મોટા રાજય યુપીમાં હાલમાં કોરોનાના ૭૨ દર્દીઓ છે.

# અમેરિકા કોરોના સામે ઘૂંટણિયેઃ ૨૪૦૦થી વધુના મોત, ૧.૪૨ લાખ લોકો સંક્રમિત

વોશિંગ્ટન,તા.૩૦

દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરીકામાં પણ કોરોના કહેર બનીને વરસી રહ્યો છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૧૮ લોકોના મોત થયા છે. વર્લ્ડોમીટરના જણાવ્યા પ્રમાણે, દેશમાં અત્યાર સુધી ૨,૪૮૪ લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે જ એક લાખ ૪૨ હજારથી વધારે લોકો સંક્રમિત થયા છે. અમેરિકામાં ન્યૂયોર્ક સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીંયા ૨૪ કલાકમાં સંક્રમણના ૭૨૦૦ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ સંક્રમિતોની સંખ્યા ૫૯ હજારથી વધારે થઈ ગઈ છે. જેમાં માત્ર ન્યૂયોર્ક સિટીમાં ૩૩,૭૬૮ કેસ છે. આ સમયે અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે ટ્વીટ કરીને જાણકારી આપી કે વ્હાઈટ હાઉસની કોરોના ટાસ્કફોર્સને ન્યુયોર્કમાં કડક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરિકામાં પણ કોરોના વાયરસનો જીવલેણ પ્રકોપ વધી રહ્યો છ્. એક બાજૂ જ્યાં પોઝિટીવ કેસ સતત વધી રહ્યા છે, ત્યાં વળી મરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં અત્યાર સુધીમાં એટલે કે, રવિવાર સુધીમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો ૧.૪૨ લાખ પર પહોંચી ગયો છે. તો વળી મરનારા લોકોની સંખ્યા વધીને ૨૪૮૪ થઈ ગઈ છે. આ ઉપરાંત ૧૦૯૫ દર્દી સાજા થયા છે. કોરોનાના વધતા કેસને ધ્યાનામાં રાખતા અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે, આગામી બે સપ્તાહમાં મોતનો આંકડો જોર પકડશે. સાથે જ કહ્યું કે, દેશમાં સોશ્યલ ડિસ્ટેસિંગનો નિયમ ૩૦ એપ્રિલ સુધી લાગુ રહેશે.અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકામાં આવતા બે સપ્તાહમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યામાં ભારે વધારો થઈ શકે છે. જેથી ટ્રમ્પે સોશિયલ ડિસ્ટન્સિંગ ગાઈડલાઈનને આગામી ૩૦ એપ્રિલ સુધી વધારી દીધી છે. ટ્રમ્પ મુજબ, ૧ જૂન સુધી તમામ વસ્તુ પાટા પર આવી જશે, આ પહેલા તેઓએ અનુમાન લગાવ્યું હતું કે ઈસ્ટર સુધી તમામ વસ્તુ ઠીક થઈ જશે.ટ્રમ્પનું માનવું છે કે અમેરિકામાં એક લાખથી વધુ લોકોનાં મોત થઈ શકે છે. તેઓએ કહ્યું કે જો આ આંકડો એક લાખ સુધી સમિત રહે છે તો પછી તેનો અર્થ એ છે કે આપણે તેને રોકવા માટે સારું કામ કર્યું છે.અમેરિકા આ સંકટમાંથી ૧ જૂન સુધીમાં બહાર આવી જશે, દેશવાસીઓને આવું આશ્વસન આપતાં ટ્રમ્પે સંવાદદાતાઓને કહ્યું કે, બે વરિષ્ઠ જન સ્વાસ્થ્ય સલાહકારો તથા કોરોના વાયરસ પર વ્હાઈટ હાઉસ કાર્યબળના સભ્યો- ડૉ. દેબોરા બિક્સ અને ડૉ. એન્થની ફૉસીની સલાહના આધારે તેમને સામાજિક મેળાપથી અંતર સંબંધી ઉપાયોની અવધિ ૩૦ એપ્રિલ સુધી વધારી હશે.

### પીએમના પ્રિન્સિપલ સેક્રેટરીના નિર્દેશનમાં સમિતિઓ કામ કરશે

# કોરોના વિરુદ્ધની લડાઈ માટે ૧૧ સશક્ત સમૂહોની રચના કરાઈ

ન્યુ દિલ્હી,તા.૩૦

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ ૧૧ સશકત સમૂહોની રચના કરી છે જેથી કોવિડ-૧૯ પર વ્યાપક અને એકીકૃત પ્રતિક્રિયા આપી શકાય. આ ૧૧ સશક્ત સમિતિઓમાંથી ૯ના અધ્યક્ષ સચિવ સ્તરના અધિકારી હશે. જયારે એકની અધ્યક્ષતા નીતિ આયોગના સભ્ય અને એકની અધ્યક્ષતા નીતિ આયોગના સીઈઓ કરશે.

કોરોના વાયરસ મહામારીથી ઉત્પન્ન ગંભીર પરિસ્થિતઓની વચ્ચે વડાપ્રધાન કાર્યાલયએ ૧૧ અલગ-અલગ ઉચ્ચસ્તરીય સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ સ્વાસ્થ્ય સેવાઓમાં સુધાર, અર્થવ્યવસ્થા ને પાટા પર લાવવી અને ૨૧ દિવસનું લૉકડાઉન સમાપ્ત થયા બાદ લોકોની મુશ્કેલીઓને જેટલી શક્ય હોય તેટલી વહેલી તકે દૂર કરવા માટે ભલામણો કરશે.

દેશમાં કોરોના વાયરસના પ્રસારને નિયંત્રિત કરવાનો પ્રયાસ સ્વરૂપે ૨૪-૨૫ માર્ચની મધ્યરાત્રિથી ૨૧ દિવસનું લૉકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે. આ દરમિાયન જરૂરી સેવાઓને બાદ કરતાં અન્ય ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. લોકોને ઘરોમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે.

પીએમઓ દ્વારા રચવામાં આવેલી સમિતિઓ વિભિન્ન મુદ્દાઓને જોશે. આ સમિતિઓ વડાપ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરી પી. કે. મિશ્રાના નિર્દેશનમાં કામ કરશે. સૂત્રોએ આ જાણકારી આપી છે.

સૂત્રોનું કહેવું છે કે જાહેર આરોગ્ય દેખભાળ સહિત પોત-પોતાના ક્ષેત્રોમાં ઓછામાં ઓછામાં સંભવિત સમયમાં સામાન્ય સ્થિતિ લાવવાની રણનીતિ ઉપર પણ આ સમિતિઓ કામ કરશે.

# ચીનના વુહાનમાં ૪૨,૦૦૦ લોકો કોરોનાથી મોતને ભેટ્યા હોવાનો દાવો

બેઈજિંગ,તા.૩૦

પ્રસાર માધ્યમો પર કડક નિયંત્રણો ધરાવતા સામ્યવાદી ચીનમાં કોરોના વાયરસના કારણે ખરેખર કેટલા મોત થયા તે હજી પણ અટકળનો જ વિષય છે.

જોકે વુહાનના સ્થાનિક લોકોનુ માનવુ છે કે, અહીંયા ઓછામાં ઓછા ૪૨૦૦૦ લોકો મોતને ભેટ્યા છે. ચીનના હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાંથી કોરોના વાયરસનો ફેલાવો શરુ થયો હતો. સત્તાવાર રીતે ચીનમાં ૩૩૦૦ લોકોના મોત થયા છે. જેમાંથી ૩૧૮૨ લોકો હુબેઈ પ્રાંતમાં કોરોનાનો ભોગ બન્યા છે.

જોકે સ્થાનિક નાગરિકોનો દાવો છે કે, સ્થાનિક રિવાજો પ્રમાણે રોજ ૫૦૦ અસ્થિ કળશનુ વિતરણ મૃતકના પરિવારોને કરાઈ રહ્યુ છે. સાત અલગ અલગ સ્થળોએ કરાઈ રહેલા વિતરણ પ્રમાણે ગણતરી કવામાં આવે તો દરેક ૨૪ કલાકમાં ૩૫૦૦ લોકોને અસ્થિ કળશનુ વિસર્જન કરવામાં આવ્યુ છે. આ વિતરણ ૫ એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ દિવસે કિંગ મિંગ નામનુ પર્વ શરુ થશે. જેમાં લોકો પોતાના પૂર્વજોની કબર પર જઈને શ્રધ્ધાંજલિ આપતા હોય છે.

આ પ્રકારને અનુમાન લગાવવામાં આવે તો ૧૨ દિવસમાં ૪૨૦૦૦ અસ્થિ કળશનુ વિતરણ કરવામાં આવશે. આ ખબર એવા સમયે આવી છે જયારે લોકડાઉન પછી લોકોને હરવા પવાની છુટ આપવામાં આવી છે. લોકો મોતના આંકડા સામે સવાલ ઉઠાવીને કહી રહ્યા છે કે, મૃતદેહો સળગાવનારા ૨૪ કલાક કામ કરતા હતા.શક્ય છે કે, સરકાર ધીરે ધીરે મોતનો આંકડો જાહેર કરી રહી છે. જેથી લોકો ધીરે ધીરે વાસ્તવિકતાને પચાવી શકે.

એવી પણ અટકળો થઈ રહી છે કે, કેટલાક લોકો તો પોતાના ઘરોમાં સારવાર વગર જ મોતને ભેટ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# મધ્યમવર્ગની મુશ્કેલી

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સામે લડવા માટેના સાવેચીતના પગલાંરૂપે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરી દીધું. ૨૧ દિવસના આ લોકડાઉનમાં છેલ્લા બે દિવસથી મજદૂર અને નીચલા વર્ગના સ્થળાંતરનો મુદ્દો ખૂબ જ ગાજ્યો છે. લગભગ દરેકરાજ્યોની સરહદ સીલ કરી દેવામાં આવી છે, લોકો મોટાં મોટાં શહેરોમાંથી પોતાને ગામ પહોંચી શકતાં નથી, મોટાં શહેરોમાં રોજગારી માટે આવેલાં લોકોને લોકડાઉનને કારણે ખાસ્સી અસર ઊભી થઈ છે. કામ બંધ પડી જવાથી રોજ કમાઈને રોજ ખાનારઓ માટે હાલાકી સર્જાઈ છે. એવામાં નરેન્દ્ર મોદીએ જાહેર કર્યું હતું કે જે લોકો દુકાનો ચલાવે છે, નાની મોટી કંપનીઓ કે ઉદ્યોગ ચલાવી રહ્યા છે તે લોકો પોતાના કામદારોને વેતન આપે, રોજનું કામ કરનારાઓનો પગાર કાપે નહીં, દુકાનો, ઘરનું ભાડું પણ આ મહિના દરમિયાન માફ કરાવું જોઈએ એવું પણ તેમણે જણાવ્યું છે. સારી વાત છે, લોકોએ પોતાનાથી નીચલા વર્ગનો લોકોનું ધ્યાન રાખવું જોઈએ, પરંતુ ભારતમાં એક એવો વર્ગ પણ રહે છે જે સતત બે વર્ગની વચ્ચે પીસાઈ રહ્યો છે. એ છે ભારતનો મધ્યમ વર્ગ, આ વર્ગને ક્યારેય કોઈ રાહત મળતી નથી. જે મોટાં ઉદ્યોગપતિઓ છે, મોટાં કલાકારો છે, રમતવીરો છે, શ્રીમંતો છે તેમને કોઈ વાંધો નથી, પરંતુ જે મધ્યમ વર્ગીય છે, દુકાન , નાનો સ્ટોલ, બાંકડો ભાડા પર લઈને પોતાનું ગુજરાન ચલાવે છે, સાથે સાથે કેટલાય લોકોને રોજગારી આપતો હોય છે, એની આવક પણ બંધ છે, એ રાહત લેવા માટે લાઈનમાં ઊભો રહી શકે તેમ નથી, કેમ કે તે આ મદદ લઈ શકે તેવી શ્રેણીમાં આવતો નથી. વળી તેણે અત્યાર સુધી સતત આપ્યું જ છે, તે માગી શકતો નથી, તેને પોતાના બાળકોની ફીની ચિંતા સતાવી રહી છે, ઘરનો હપ્તો, દુકાનનું ભાડું, મોબાઈલના બીલ, લાઈટ બીલની ચિંતા સતાવી રહી છે. આ વર્ગ માટે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. નિયમ પ્રમાણે કેટલાય લોકોના લોનના હપ્તા તેમનાં બેન્કના ખાતામાંથી કપાઈ ગયા છે, કોટલાય લોકોને મોબાઈલના બીલ સમયસર પહોંચી ગયા છે, દુકાન-મકાનમાલિકા દ્વારા ભાડાચિઠ્ઠી પણ પહોંચી ગઈ છે. આ લોકો હાલમાં સૌથી વધુ કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. તેમની મદદ માટે સરકારે આગળ આવવું જોઈએ. વ્યવસાય ઠપ્પ હોવા છતાં મોટા ભાગના મધ્યમવર્ગીય વેપારીઓએ પોતાના કામદારોન સાચવ્યા છે, પરંતુ તે વધુ સમય સુધી સાચવી શકે તેમ નથી, કેમકે તેમની હાલત પણ દિવસે ને દિવસે વધુ કથડતી જાય છે. સરકારને તેમની પાસે આશા છે કે આ વેપારીઓ પોતાના કામદારોને સાચવે, કામદારોને આશા છે કે વેપારી મને સાચવી લેશે, પરંતુ આ મધ્યમવર્ગીય વેપારીઓ કોને કહેવા જાય? પીએમ રાહત નીધી હોય કે સીએમ રાહતનીધી આ રાહતનીધીમાંની અમુક ટકા રકમ આ વર્ગ માટે પણ વપરાવી જોઈએ. તેમની જરૂરિયાત પર ધ્યાન આપવું જોઈએ, તેમના બાળકોને પણ આગામી છ મહિના માટે ફીમાં રાહત આપવી જોઈએ, કર ભરવા, સરકારી બીલ, ભાડા ભરવામાં પણ તેમને રાહત મળવી જોઈએ તો જ આપણે ટકી શકીશું. મધ્યમ વર્ગ એ ભારતની કરોડરજ્જૂ છે અને સરકારે આ કરોડરજ્જૂને મજબૂત બનાવવાની જરૂર છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૩૧/૦૩/૨૦૨૦, મંગળવાર, ચૈત્ર સુદ-૭
સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૫૯, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૪૬ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૩ સુધી, ૧૫-૫૬ થી શુભ-૧૭-૨૮ સુધી, ૨૦-૨૮થી લાભ-૨૧-૫૬ સુધી, ૨૩-૨૩ થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૬ સુધી

- શુભ હોરા-
૮-૪૫ થી ૧૧-૪૯ સુધી ૧૨-૫૧ થી ૧૩-૫૩ સુધી, ૧૬-૫૭થી ૧૯-૦૧ સુધી, ૧૯-૫૯થી ૨૦-૫૭ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૩૧-૦૩-૨૦૨૦ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- નવા આઇડીયા લાભદાયક રહે. સામાજીક કાર્યોમાં સફળતા. શેર બજારમાં લાંબાગળાનું રોકાણ કરવું.
વૃષભ(બ.વ.ઉ.) :- બિનજરૂરી વાદ વિવાદથી દુર રહેજો રાજકીય રીતે લાભ વધુ પડતી લાગણીઓને કાબુમાં રાખવી જરૂરી રહે.
મિથુન(ક.છ.ઘ.) :- સતત પ્રવૃત્તિમાં રહેવાના પ્રતિષ્ઠા વધવાની તેજો દેવાના ભોગ ન બનો તેનું ધ્યાન રાખવું. રાજકીય લાભ રહેવાનો.
કર્ક(ડ.હ.) :- દોડધામ રહેવાની સમયનો વ્યય ન થાય તે બાબત ધ્યાન રાખવું. બીજાની જવાબદારીઓ બાબત જાળવવું.
સિંહ(મ.ટ.) :- માનસિક ટેન્સન કારણવગરનું રહે. લબાણના કાર્યોમાં સફળતા. ભાઇ-બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- સકારાત્મક અભિગમ અપનાવજો. નોકરીમાં પ્રમોશનના ચાન્સ, સ્થળતાંરની ઇચ્છા ફળે યાત્રા પ્રવાસ થાય.
તુલા(ર.ત.) :- કાર્યક્ષેત્રે વધવાનું અગત્યનું કામ થતું જણાવ્યું કર્જમાં રાહત રહે. રોકાયેલા નાણા માટે આશાવાદ ફળવાનો.
વૃશ્ચિક(ન.ય.) :- અંગત મૂંઝવણો દૂર થાય. આધ્યાત્મિક વિચારોમાં વધારો થાય નોકરી કાર્યભારની સાથે પ્રગતિ રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- વિકસાની તક મલવાની. વધુ પડતો કાર્યભાર ટાળજો મિલન મુલાકાત સફળ થાય. ભાઇ-બહેનોથી સહકાર.
મકર(ખ.જ.) :- અગત્યના કાર્યોમાં આવતા અવરોધો દૂર થવાના નોકરીમાં મનગમતી જગ્યા મલે. પ્રવાસની ઇચ્છા ફળે.
કુંભ(ગ.શ.સ.) :- દિવસ દરમ્યાન મહેનતનું ફળ મલવાનું સ્વાસ્થ્ય બાબત જાળવવું. નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ.
મીન(દ.ચ.ઝ.) :- નિરાશાઓ ટાળવાની ઇચ્છાને પ્રબળ બનાવવાથી સફળતા મલે. સંયુકત વ્યવસાયમાં સફળતા રહેશે.

# લોકોમાં ડર,અફરાતફરીનો માહોલ કોરોના કરતાં પણ વધુ ખતરનાકઃ સુપ્રિમ કોર્ટ



ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાયરસના કારણે દેશમાં ૨૧ દિવસનું સજ્જડ લોકડાઉન છે. આ બધા વચ્ચે કોરોના સામે યુદ્ધ સ્તરે લડાઈ લડી રહેલી કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે મજૂરોનું પલાયન એક મોટી મુસીબત બની ગઈ છે. મજૂરોના પલાયન મામલે સુનાવણી કરતા સોમવારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકોનું પલાયન રોકવું જ પડશે.

દિલ્હીથી પલાયન કરતા મજૂરોને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગણી પર આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોરોના વાયરસ કરતા પણ વધુ ખતરો લોકોમાં ડર અને અફરાતફરીના માહોલનો છે. કોર્ટે કેન્દ્ર પાસે એફિડેવિટ દાખલ કરીને સરકાર દ્વારા ઉઠાવાયેલા પગલાની જાણકારી માંગી છે.

કોર્ટે કહ્યું કે અમે આ અરજીને વિરોધાત્મક માનતા નથી. પરંતુ આ અરજીનો એ પ્રકારે પ્રચાર ન થવો જોઈએ કે કોર્ટ પલાયનને મંજૂરી આપવા માટે કોઈ તરકીબ કાઢશે. પલાયનને તો રોકવું જ પડશે. જેના પર હવે આગામી સુનાવણી મંગળવારે થશે.

અત્રે જણાવવાનું કે અરજીમાં પલાયન કરી રહેલા મજૂરોને ભોજન અને મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગણી કરવામાં આવી છે. આ સાથે જ બધાને તરત સરકારી ઈમારતોમાં આશ્રય આપવાની માગણી પણ અરજીમાં કરાઈ છે.

# લોકડાઉનને કારણે ઘરમાં બંધ રહેવાથી ઘરેલુ હિંસાના કેસોમાં વધારો થવાની ભીતિ

બર્લિન,તા.૩૦

કોરોના વાઈરસના પ્રસારને રોકવા માટે યુરોપના મોટાભાગના દેશોમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યો હોવાથી તમામ પરિવારો તેમના ઘરોમાં કેદ થઈને રહી ગયા છે જેને કારણે ઘરેલું હિંસામાં વધારો વધારો થવાની આશંકા સેવાઈ રહી છે

ચીનમાં કોરોનો રોગચાળો ફાટી નીકળ્યા બાદ અને દુનિયાભરના લોકો આ રોગનો શિકાર બન્યા હતા અને બર્લિન, પેરિસ, માદ્રિડ અને રોમ જેવા દેશોમાં ઘરેલુ હિંસાના પીડિતોના સંગઠને ઘરેલુ હિંસાના મામલા વધી ગયા હોવાની પુષ્ટિ કરી હતી.

મહિલાઓ માટેના જર્મન ફેડરલ એસોસિયેશન અને સલાહકાર કેન્દ્રે જણાવ્યું હતું કે ઘણાં લોકો માટે પોતાનું ઘર એ સલામત સ્થાન નથી. મહિલાઓ અને બાળકો સામે ઘરેલું અને જાતીય હિંસાનું જોખમ વધી રહ્યું છે. અને આ જોખમ એવા ઘરો સુધી મર્યાદિત નથી જ્યાં હિંસાની ઘટના પહેલા પણ બનતી હતી. ઘરમાં કેદ રહેવાને કારણે લોકોના માનસિક તણાવ વધી ગયો છે અને નોકરીની સુરક્ષા તથા આર્થિક મુશ્કેલીઓ વગેરેના કારણે પણ ઘરમાં અશાંતિ સર્જાવાની સંભાવનાઓ વધી રહી છે

ફ્રાન્સે પણ આ બાબતની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે તાળાબંધીને કારણે પહેલા કોઈ ઘરેલું સમસ્યાના ધરાવતા પરિવારોમાં પણ છેલ્લાં કેટલાક અઠવાડિયાથી અશાંતિની પરિસ્થિતિ પેદા થઈ છે. ચીનમાં પણ મહિલાઓના અધિકાર માટેના સંગઠને મહિલાઓ પરના હિંસામાં વધારો થયો હોવાના અહેવાલ નોંધાવ્યા હતા.

યુરોપમાં ઈટાલી બાદ કોરોનાવાઈરસના ફેલાવાનો મુખ્ય દેશ બનેલા સ્પેનમા પણ ૩૫ વર્ષની અને બે બાળકોની માતાની તેના પતિએ હત્યા કરી હોવાની ઘટના નોંધાઈ હતી.

માનસિક અથવા શારીરિક ઘરેલુ હિંસાનો શિકાર બનતા બાળકો મહિલાઓ અને સ્ત્રીઓ હાલમાં લોકડાઉનને કારણે તેમના ઘરોમાં છે પરિણામે તેમના પર હિંસા થવાનુ જોખમ વધી ગયું છે એમ મહિલા અધિકાર સમિતિએ જણાવ્યું હતું

કોરોનાવાયરસને કારણે સ્કૂલ સ્પોર્ટ્સ ક્લબ અને યુથ સેન્ટર્સ પણ બંધ થઈ ગયા છે અને બાળકોને ઘરમાં પુરાઈ રહેવાનો વખત આવ્યો છે અને આ પરિસ્થિતિમાં બાળકો પર થતા અત્યાચારો પર ધ્યાન આપવા કોઈ નથી. સરકાર અર્થતંત્ર અને તબીબી સેવાઓ ચાલુ રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે પરંતુ તેમણે સમાનતા અને મૂળભૂત માનવ અધિકારના મહત્વનું પણ ધ્યાન રાખવું જોઈએ, એમ સમિતિએ જણાવ્યું હતું. ટર્કી અને ઓસ્ટ્રિયા જેવા દેશોમાં પણ મહિલાઓ સામેના ગુનામાં વધારો નોંધાયો છે.

# યુપીના મેરઠમાં એક જ પરિવારના ૧૩ સભ્યો કોરોના પોઝિટિવ

મેરઠ,તા.૩૦

મેરઠમાં એક જ પરિવારના ૧૩ સભ્યોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તંત્ર ઉપર નીચે થઈ ગયુ છે. પહેલા આ પરિવારમાં પાંચ લોકોને કોરોના પોઝિટિવ હોવાનુ નિદાન થયુ હતુ. પરિવારના બાકી સભ્યોનો ટેસ્ટ પણ કોરોના પોઝિટિવ આવતા હવે ૧૩ લોકો કોરોના પોઝિટિવ થયા છે.

જો કે કોરોનાના દર્દીઓ આંકડો હજી પણ વધે તેવી શક્યતા છે. ડોક્ટરોના કહેવા પ્રમાણે ૪૬માંથી ૧૧ના જ ટેસ્ટ રિપોર્ટ આવ્યા છે. બાકીના લોકોના રિપોર્ટ આવવાના બાકી છે.

આ પરિવારનો એક સભ્ય મહારાષ્ટ્રના અમરાવતીમાં રહે છે. જેનુ સાસરુ મેરઠમાં છે.તે પછી તેની પત્ની અને પરિવારના બીજા સભ્યોને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે.

મહારાષ્ટ્રમાં આ વ્યક્તિ ક્રોકરીનો વ્યવસાય કરે છે. આ પરિવાર જ્યાં રહે છે તે તમામ વિસ્તારને હાલમાં તો સીલ કરાયો છે. તેના સંપર્કમાં આવેલા બીજા ૩૫ લોકોને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

## કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક ભારતીય મૂળના રિસર્ચે કહ્યું

# કોરોના સામેની જંગમાં ભારતે ૪૯ દિવસના લોકડાઉનની જરુરઃ રિસર્ચ

લંડન,તા.૩૦

દુનિયાભરના દેશો વર્તમાન સમયમાં કોરોના વાયરસના પ્રકોપ સામે નબળા સાબિત થઈ રહ્યા છે. એવામાં આ મહામારીને રોકવા માટે મોટાભાગના દેશોએ લોકડાઉન નીતિ અપનાવી છે. ભારતમાં પણ સરકારે કોરોના વાયરસ સામેની લડતમાં લોકડાઉન કરવાની અસરકારક નીતિ અપનાવી છે, પરિણામ રુપે ભારત અન્ય દેશોની જેમ ઝપેટમાં આવ્યુ નથી, જોકે અહીં કેસો વધી રહ્યા છે, પરંતુ અન્ય દેશોની સરખામણીએ સ્થિતિ સુરક્ષિત છે.

ભારતમાં પીએમ મોદીએ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યુ છે, પરંતુ કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક ભારતીય મૂળ રિસર્ચર્સ એક નવા મોડલ સાથે આવ્યા છે જેમાં ભારતમાં ૪૯ દિવસનું દેશવ્યાપી લોકડાઉન અથવા સમયાંતરે છૂટ આપીને બે મહિનાના લોકડાઉનની સલાહ આપી છે. આ મોડલને કોરોના વાયરસને બીજીવાર ભારતમાં માથુ ઉચકતા રોકવા માટે મહત્વનુ પગલુ દર્શાવવામાં આવી રહ્યુ છે.આ રિસર્ચ મુજબ ભારતમાં ૨૧ દિવસનો લોકડાઉન છે, પરંતુ તેના અંતિમ દિવસોમાં કોરોના ફરી માથુ ઉચકશે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ રિસર્ચને Age Structured impact of social distancing on the Covid19 epidemic in india શીર્ષક આપવામાં આવ્યુ છે. આ રિસર્ચમાં સોશિયલ ડિસ્ટેન્સિંગના ઉપાયો જેવા કે, કામ કરવાની સ્થળમાં ગેર હાજરી, શાળા બંધ કરવી, લોકડાઉન અને તેનો સમયગાળો તથા તેની અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે.

# યોગી સરકારે મનરેગાના ૨૭.૫ લાખ મજૂરોના ખાતામાં ૬૧૧ કરોડ ટ્રાન્સફર કર્યાં

લખનઉ,તા.૩૦

કોરોના વાયરસ પર આમ તો કાબુ મેળવી શકાય નથી પરંતુ તેના કારણે આર્થિક રીતે નબળા વર્ગના લોકોની મદદ માટે સરકાર તત્પર છે. ભારત સરકાર જ્યાં મોટા રાહત પેકેજની જાહેરાત કરી ચૂકી છે ત્યાં પીએમ રાહત કોષની મુહિમ ચલાવીને પણ લોકો પાસે મદદ માંગી રહી છે. જ્યારે રાજ્ય સરકારો પણ લોકોને લઈને જાગૃત જોવા મળે છે. અનેક પગલાં લેવાયા છે. ભારત સરકારની સાથે સાથે અનેક રાજ્ય સરકારો પણ ગરીબ વર્ગના લોકો માટે કામ કરી રહી છે. આ જ કડીમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અગાઉ રાહત પેકેજની જાહેરાત કરી હતી. અને હવે આજે તેમણે મનરેગા હેઠળ આવતા મજૂરોને આર્થિક મદદ કરી છે. યોગીએ લગભગ ૨૭.૫ લાખ મનરેગા મજૂરોના બેંક ખાતામાં ડાઈરેક્ટ ૬૧૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. યોગીએ આ રકમ એટલા માટે ટ્રાન્સફર કરી કારણ કે જેથી કરીને આવા કપરા સમયમાં તેમને જરૂરિયાતની વસ્તુઓ મળી શકે. એટલું જ નહીં યોગીએ આર્થિક મદદ બાદ મનરેગા લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. તેમને આ યોજના સંબંધિત જાણકારીઓ આપી. ત્યારબાદ યોગી આદિત્યનાથે આજે અધિકારીઓ પાસેથી નોઈડામાં કોરોના સંક્રમિત દર્દીઓની સ્થિતિ અંગે જાણકારી પણ મેળવી. અત્રે જણાવવાનું કે યુપીના નોઈડામાં કોરોનાના સૌથી વધુ કેસ સામે આવ્યાં છે.

## ટ્રાયએ તમામ કંપનીઓને પત્ર લખ્યો

# લોકડાઉનને કારણે તમામ ટેલિકોમ કંપનીઓ પોતાના ગ્રાહકોની વેલીડીટી વધારે




ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતીય ટેલીકોમ રેગ્યુલેટરે ટેલીકોમ કંપનીઓને પ્રીપેડ યુઝર્સના પ્લાનની વેલીડીટી વધારવા કહ્યું છે, ટ્રાયએ આમ કોરોના વાયરસ લૉક ડાઉનના કારણે કર્યુ છે. ટ્રાયએ રિલાયન્સ જિયો, ભારતી એરટેલ, વોડાફોન-આઇડિયા અને બીએસએનએલને કહ્યું છે કે તે પોતાના પ્રીપેડ કસ્ટમર્સની વેલીડીટી વધારે જેથી આ નેશનલ લૉકડાઉનમાં તેમને કોઇ પરેશાની ન થાય.એક રિપોર્ટ અનુસાર ૨૯ માર્ચે ટ્રાયએ આ તમામ કંપનીઓને પત્ર લખ્યો છે. આ પત્રમાં કંપનીઓને કહેવામાં આવ્યું છે કે તમામ પ્રીપેડ યુઝર્સ માટે વેલીડીટી વધારવા માટે જરૂરી પગલા લે.

આ સાથે જ ટ્રાયએ આ તમામ કંપનીઓ પાસે જાણકારી પણ માગી છે કે નેશનલ લોકડાઉન દરમિયાન કસ્ટમર્સને કોઇ અડચણ વિના સર્વિસ ચાલુ રાખવા માટે કંપનીઓ કયા કયા પગલા લઇ શકે. રિપોર્ટ અનુસાર ટ્રાયએ કહ્યું કે, ટેલિકમ્યુનિકેશનને એસેંશિયલ સર્વિસ માનતા આ લૉકડાઉનથી અલગ રાખવામાં આવ્યુ છે અને તેને બંધ નથી કરવામાં આવ્યુ.

જણાવી દઇએ કે આ કંપનીઓના ટોટલ કસ્ટમર્સનનો વધુ હિસ્સો પ્રીપેડ યુઝર્સ છે. તેવી સ્થિતિમાં પ્રીપેડ યુઝર્સની વેલીડીટી વધારવાનું કહેવામાં આવ્યું છે. ટ્રાયએ કહ્યું કે જો લૉકડાઉનથી ટેલીકોમને અલગ રાખવાનો હેતુ એ પણ છે કે આ કંપનીઓની કસ્ટમર સર્વિસ અને પોઇન્ટ ઑફ સેલ લોકેશન પ્રભાવિત ન થાય.

ટ્રાયના આ પત્ર પર હાલ કોઇનું નિવેદન નથી આવ્યું અને ન તો કોઇ કંપનીએ પોતાના પ્રીપેડ યુઝર્સ માટે અત્યાર સુધી વેલીડીટી વધારવાની ઘોષણા કરી છે. આશા રાખવામાં આવી રહી છે કે ટૂંક સમયમાં આ કંપનીઓ પ્રીપેડ યુઝર્સ માટે વેલીડીટી એક્સટેંડ કરવાની ઘોષણા કરશે.

# ઈન્દોરમાં સૌથી કડક લોકડાઉનઃ સંપૂર્ણ શહેર જડબેસલાક બંધ રહેશે

ઈન્દોર,તા.૩૦

રોગચાળાના રૂપમાં ઘણા દેશોમાં કોરોના વાયરસ ફેલાયો છે. ભારતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. ઈટાલીમાં કોરોના વાયરસનો સૌથી વધુ પ્રભાવ રહ્યો છે. ભારતમાં કોરોના સંકટને પહોંચી વળવા સરકારે ૨૨ માર્ચથી ૨૧ દિવસ માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે.

તેમ છતાં, કેટલાક લોકો બેદરકારી દાખવી રહ્યા છે. આનું પરિણામ એ છે કે તેના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. દેશભરમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો વધી રહ્યો છે. આ કારણોસર મધ્યપ્રદેશ સરકારે કડક વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકારે ઈન્દોરમાં દેશનું કડક લોકડાઉનને મુકવાનો નિર્ણય કર્યો છે. આ સમય દરમિયાન શહેરનો સંપૂર્ણ થોભી જશે. ઈંદોરમાં અત્યાર સુધીમાં ૩૨ કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આજે ૮ નવા દર્દીઓ સામે આવ્યા છે, જેમાંથી ૭ ઈન્દોરના અને ૧ ઉજ્જૈનનો રહેવાસી છે.

શહેરમાં ૧ એપ્રિલ સુધી રાશન, શાકભાજી, દૂધ, ડેરી અને અન્ય કોઈ માલનું વેચાણ થશે નહીં કે હોમ ડિલીવરી મળશે. આ સાથે પેટ્રોલ પમ્પ પણ બંધ રાખવામાં આવશે.

લોકડાઉન અંગે વારંવાર થતી અવગણનાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે આ કડક પગલું ભરવાનું નક્કી કર્યું છે. છેલ્લા પાંચ દિવસમાં, ઈન્દોરમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થયો છે.વહીવટીતંત્રે ચંદન નગર, રાણીપુરા જેવા વિસ્તારોને વિશેષરૂપે ચિહ્નિત કર્યા છે અને અહીં હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈન્દોરમાં સંક્રમિતોની સંખ્યા ૨૨ પર પહોંચી ગઈ છે.

# હવે ગ્રાહકો ૧૫ દિવસના તફાવત પર ગેસ સિલિન્ડર બુક કરાવી શકશેઃ આઈઓસી

ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાયરસના કારણે દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે આ લોકડાઉન ૧૪ એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ પરિસ્થિતિઓ વચ્ચે કેટલાક લોકો પેનિક બાઈંગ કરી રહ્યા છે. જ્યારે કેટલાક લોકોના મનમાં રસોઈ ગેસની સપ્લાઇને લઈ સવાલ ઉભા થયા છે. તેથી લોકો ગભરાટમાં ગેસ સિલિન્ડરની બુકિંગ કરવી રહ્યા છે. તેથી સરકારે તેલ કંપની ઈન્ડિયન ઓયલ કોર્પોરેશનને લોકોથી 'પૈનિક બુકિંગ' ન કરવાની અપીલ કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ આઈઓસીએ કહ્યું છે કે હવે ગ્રાહકો દ્વારા એલપીજી ફક્ત ૧૫ દિવસના તફાવત પર બુક કરાવી શકાશે. આ સંદર્ભે આઈઓસીના અધ્યક્ષ સંજીવ સિંહે એક વીડિયો સંદેશમાં લોકોને વિશ્વાસ દાખવતા કહ્યું કે દેશમાં રસોઈ ગેસના જથ્થાની કોઈ અછત નથી. રિપોર્ટ પ્રમાણે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશને ગેસ સિલિન્ડરોની સપ્લાઈ સામાન્ય રીતે થતી રહે તે માટે પોતાના પ્લાન્ટને પૂરી ક્ષમતા સાથે ચલાવવા નિર્દેશ આપ્યા છે.

સાથે જ સપ્લાય ચેન પણ સામાન્ય રાખી છે. તેમ છતાં લોકો પૈનિક બુકિંગ કરી રહ્યા છે. તેથી કંપનીઓએ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર કરતા બીજા સિલિન્ડરની બુકિંગને ઓછામાં ઓછા ૧૫ દિવસ પછી કરી છે.

# લોકો મોટા લોકડાઉન માટે તૈયાર રહેઃ ઈટાલી વડાપ્રધાન

રોમ,તા.૩૦

વડાપ્રધાન ગ્યૂસેપ કોંતેની સરકારે ઈટાલીવાસીઓને ખૂબ લાંબા સમય માટે લોકડાઉન માટે માનસિક રીતે તૈયાર રહેવા માટેની સૂચના આપી દીધી છે. સરકાર તરફથી રવિવારના રોજ કહેવામાં આવ્યું હતું કે આર્થિક મુશ્કેલીઓ અને નિયમિત દિનચર્ચા પર ખરાબ અસર પડતી હોવા છતા પણ આ પ્રતિબંધને ધીરે-ધીરે જ હટાવવામાં આવશે. મંત્રીઓ અને સ્વાસ્થ્ય અધિકારીઓ તરફથી આ માહિતી એવા સમયમાં જાહેર થઈ છે જ્યારે ઈટાલીમાં સંક્રમણનો પ્રકોપ ઓછો થતો જોવા મળી રહ્યો છે.આ સંક્રમણના કારણે ઈટાલીમાં એક દિવસમાં મોતનો નવો આંકડો ૭૫૬ છે જે શુક્રવારના ૯૬૯ કરતા ઓછો છે. અહીં કોરોના વાયરસના સંક્રમણના દરમાં ઘટાડો નોંધાયો છે અને આવું પહેલી વખત થયું છે જ્યારે વાયરસ સંક્રમણના દરમાં છ ટકાનો ઘટાડો નોંધાયો હોય. હાલમાં સરકારનું સંપૂર્ણ ધ્યાન લોકડાઉ પૂર્ણ થવાની અંતિમ તારિખ ૩ એપ્રિલ પર છે.

મંત્રી ફ્રાંસેસ્કોબોએ ઈટાલીની એક ચેનલ સાથે વાત કરતા કહ્યું કે ૩ એપ્રિલ બાદ પણ લોકડાઉઓનની તારિખને આગળ લંબાવવામાં આવશે. મારું માનવું છે કે અત્યારે લોકડાઉનનનો ખાત્મો કરવા અંગેની વાત કરવી અયોગ્ય અને ગેર-જવાબદારીપૂર્ણ ગણાશે.

### ભાવનગરમાં એક જ દિવસમાં પાંચ કેસ નોંધાતા ખળભળાટ

# રાજ્યમાં કોરોનાથી વધુ એક મોતઃ કુલ મૃત્યુઆંક ૬,પોઝિટિવ કેસ ૬૯

ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોનાગ્રસ્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભાવનગરમાં એક જ દિવસમાં કોરોનાના નવા પાંચ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાંથી એક કોરોનાગ્રસ્ત મહિલાએ આજે અંતિમ શ્વાસ લીધા. જેસરના મોટા મોટાખુટવડા ગામના એક ૪૫ વર્ષીય મહિલાનું કોરોના વાયરસની લપેટમાં આવવાના કારણે નિધન થયું છે. આ સાથે જ ભાવનગરમાં મૃત્યુઆંક બે થઈ ગયો છે. મૃતક મહિલાને સુરતથી પોતાના સંબંધી દ્વારા ચેપ લાગ્યો હોવાની આશંકા છે. આજે વહેલી સવારે મહિલાનું મોત થયું છે. આ સાથે જ ગુજરાતમાં મૃત્યુ આંક છ થઈ ગયો છે. બચેલા ૬૩ લોકોમાંથી ૨ જણા સાજા થયા છે. અમદાવાદમાં ૬૦ વર્ષથી ઉપરનાં બે વૃદ્ધ દર્દીઓ કે જેઓ કોરોના પોઝિટિવ હતા તે હાલ સ્વસ્થ થઈ ગયા છે. અને તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. વિતેલા ૨૪ કલાકમાં ચાર દર્દીઓ સ્વસ્થ થતાં સરકારે રાહત અનુભવી છે.નોંધનીય છે કે સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ભારતમાં પણ કોરોના પોતાનો પગપેસારો કરી ચૂક્યો છે. જેના કારણે કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં લોકડાઉનનો આદેશ આપી દીધો છે. રાજ્ય સરકારો પણ પોત-પોતાના રાજ્યોમાં અલગ-અલગ રીતે કોરોના પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરી રહી છે. ગુજરાત સરકાર કોરોના પર કાબુ મેળવવાના સતત પ્રયત્નો કરી રહી છે. આજે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે મીડિયાને જણાવ્યું છે કે ૬૯માં વિદેશ ટ્રાવેલ ૩૨ લોકો, ૪ આંતરરાજ્યમાંથી આવ્યા હતા. ૩૩ લોકો લોકલ સંક્રમણના છે. પોઝિટિવ કેસના ૩થી ૫ કિમિ તમામ વિસ્તારમાં ટેસ્ટ કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહ્યાં છે.

આ સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ કેસ ૬૯ થઈ ગયા છે. અમદાવાદમાં ૨૩, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં નવ-નવ, સુરતમાં આઠ, ભાવનગરમાં છ, ગીર-સોમનાથમાં બે, પોરબંદર, કચ્છ અને મહેસાણામાં એક-એક કેસ નોંધાયા છે. જેમાંથી અમદાવાદમાં ત્રણ, ભાવનગરમાં બે અને સુરતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે, હાલ રાજ્યના ૭૪૪ લોકો સરકારી અને ૧૮ હજારથી વધુ હોમ ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. આજે નોંધાયેલા તમામ કેસો લોકલ ટ્રાન્સમિશનનો હોવાનું સામે આવ્યુ છે. જેથી એવું કહી શકાય કે ગુજરાતમાં હવે લોકલ ટ્રાન્સમિશનથી કોરોના પોઝિટીવ દર્દીઓના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે, રાજ્યના ૫૯ દર્દીની તબિયત સ્થિર છે અને ૨ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે બે લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે.

જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્ય સરકારની હેલ્પલાઈન નાંબર -૧૦૪ ઉપર ૫૨ વ્યક્તિઓ મદદ માંગી રહયા છે. આ સાથે માહીતી પણ મેળવી રહ્યાં છે. અત્યાર સુધી આ હેલ્પલાઈન પર ૨૪ હજારથી વધુ કોલ આવ્યાં છે. આવા વ્યક્તિઓ પોતાના સ્વાસ્થ્યય અંગેની જાણકારી પુરી પાડે છે અને જે પૈ ૪૫૦ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી રહી છે.

ગોંડલમાં ૭૩ વ્યક્તિઓના પરિવારને હોમ ક્વોરોન્ટાઈન કરાયા

ગોંડલના ડેપ્યુટી કલેકટર રાજેશ આલ દ્વારા જણાવાયું છે કે, વિદેશથી પરત આવેલા કોઈ તેવા ૭૩ વ્યક્તિઓને તથા તેઓના પરિવારને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તાલુકા હેલ્થ ઓફિસરની ટીમ તરફથી આ તમામનું તબીબી ચેકઅપ કરવામાં આવી રહ્યું છે. તમામને ઘરની બહાર ન નીકળવાં સુચના અપાઇ છે. શહેરીજનોને અપીલ છે કે ઘરની બહાર ન નીકળે અને લોકડાઉનને પૂર્ણ સહકાર આપે જેથી વાઈરસથી બચી શકાય.

### મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની ભરતીમાં કોઈ જ વ્યવસ્થા ન કરાઈ

# સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા: એએમસીની ભરતી પ્રક્રિયામાં ભારે ભીડ જામી

અમદાવાદ,તા.૩૦



ગુજરાતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૯ પર પહોંચી છે. જેના કારણે સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અર્બન હેલ્થ સોસાયટી દ્વારા ૩૫૪ મેડિકલ અને ૩૫૪ પેરા મેડિકલની કરાર આધારિત ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જો કે આજે વહેલી સવારમાં વોક ઈન ઈન્ટરવ્યુ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. ઈન્ટરવ્યુ આપવા આવેલા ઉમેદવારોએ ઝેરોક્ષની દુકાન અને મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્ય આરોગ્ય અધિકારીની કચેરી બહાર જ મોટી ભીડ જામી હતી.

અમદાવાદમાં એએમસીની ભરતી પ્રક્રિયામાં મોટી પોલ ખુલી છે. જોરશોરથી એએમસી લોકોને લોકડાઉનનું પાલન કરાવે છે અને જે લોકો ના માને તેમના પાસેથી મોટો દંડ વસૂલ કરે છે. ત્યારે આજે એએમસી કોર્પોરેશનની ઓફિસે જ લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા. લાખો લોકોને સલાહ આપનારા એએમસી કોર્પોરેશન જ પોતાની સલાહનું પાલન ના કરી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ તેની વિપરીત અસર લોકો પર દેખાય તો નવાઈ નહીં.

આજની ઘટના બાદ લોકોના મનમાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. જેમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે જો શાસકો જ આવી ભૂલ કરશે તો પ્રજા કઈ રીતે તેમની વાત માનશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અર્બન હેલ્થ સોસાયટીની ભરતી પ્રક્રિયામાં ટોળા એકઠા થતા સામાજિક અંતરની વાત મજાક બની ગઈ હતી. તમને જણાવીએ કે, અર્બન હેલ્થ સોસાયટીની ભરતીમાં ૩૫૪ મેડિકલ ઓફિસર અને ૩૫૪ પેરા મેડિકલ સ્ટાફની ભરતી કરવાની હતી. એક આશ્ચર્યજનક વાત સામે આવી હતી કે, માત્ર ઈન્ટરવ્યૂ પર જ ૧૧ માસના કરાર આધારે ભરતી થવાની હતી.

બીજી બાજુ એએમસી ઓફિસે પહેલેથી મોટી સંખ્યામાં લોકો આવવાની જાણ હોવા છતાં ધાબા પર કે કેમ્પસમાં મંડપ જેવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. જેને પગલે ઉમેદવારો તડકામાં ઉભા રહ્યાં હતા. હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ શહેરની તમામ દુકાનો પર એક મીટરનું અંતર રાખવા સૂચના આપે છે. પરંતુ આરોગ્ય ભવનમાં આ સૂચનાનો અમલ થઈ રહ્યો નથી. જયારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર પણ માત્ર ટ્વીટર પર સુચના આપવામાં સક્રિય છે.

# લોકડાઉનના કારણે ઔદ્યોગિક એકમો બંધ, વીજ વપરાશમાં ૫૦%નો ઘટાડો

ગાંધીનગર,તા.૩૦

કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્ય સહિત આખા દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. રાજ્યમાં કરવામાં આવેલા લોકડાઉનની સૌથી વધુ અસર એનર્જી સેક્ટરમાં થઈ છે તેમ કહી શકાય. લોકડાઉનના નવ દિવસમાં ઔદ્યોગિક વીજ વપરાશમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. સાથે જ કુલ વીજ વપરાશમાં ૫૦%નો ઘટાડો નોંધાયો છે.

રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તરફથી મળેલા સત્તાવાર આંકડા પ્રમાણે, ૧૮ માર્ચે રાજ્યમાં વીજળીની લઘુત્તમ જરૂરિયાત ૧૩,૧૨૦ મેગાવોટ હતી, જે જનતા કર્ફ્યૂના દિવસે (૨૨ માર્ચ) ઘટીને ૧૦,૩૬૧ મેગાવોટ થઈ. ૨૭ માર્ચે વીજળીની લઘુત્તમ માગમાં ભારે ઘટાડો થયો. આ દિવસે લઘુત્તમ માગ ૬,૩૮૬ મેગાવોટ થઈ. સરકાર તરફથી મળેલા આંકડા પ્રમાણે, ૧૮ માર્ચે મહત્તમ માગ ૧૬,૧૯૩ મેગાવોટ હતી જે ૨૭ માર્ચે ઘટીને ૮,૯૬૨ મેગાવોટે પહોંચી.લોકડાઉનના કારણે મોટાભાગના ઔદ્યોગિક એકમો બંધ હોવાથી ઔદ્યોગિક વીજ વપરાશમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. ૧૮ માર્ચે ઔદ્યોગિક વીજ વપરાશ ૧૨૯.૩૨ મિલિયન યુનિટ હતો જે ૨૭ માર્ચે ઘટીને ૩૦.૨૭૧ મિલિયન યુનિટ થયો. અધિકૃત આંકડા પ્રમાણે, જ્યોતિગ્રામ યોજના અંતર્ગત પણ વીજ વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે. આ યોજના હેઠળ થતો વીજ વપરાશ ૧૮થી ૨૭ માર્ચ વચ્ચે ૪૧.૯૯ એમયુએસથી ૩૫.૭૩૧ એમયુએસ થયો છે.

# જગન્નાથજી મંદિરે પ્રધાનમંત્રી રાહત ફંડમાં રૂ.૫૧ લાખનું દાન કર્યુ

અમદાવાદ,તા.૩૦

વર્તમાન કોરોના મહામારીમાં અનુદાન તરીકે અમદાવાદનાં જગન્નાથજી મંદિર દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડમાં રૂ.૫૧,૦૦,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો છે.

આ અંગે જગન્નાથજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂજ્ય દિલીપદાસજી મહારાજે જણાવ્યું કે ભારત દેશમાં કોરોના વાયરસ મહામારીને કારણે આપણા દેશ ઉપર મોટી આફત આવી છે ત્યારે ભગવાન જગન્નાથજીના પ્રસાદરૂપે રૂ.૫૧,૦૦,૦૦૦નો ચેક શ્રીજગન્નાથજી મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડમાં સાદર અર્પણ કરવામાં આવે છે.જ્યારે મંદિર ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું કે આ વિકટ પરિસ્થિતિમાં જગન્નાથજી મંદિર દ્વારા દરરોજ ૮૦૦થી વધુ વ્યક્તિઓને ભોજન પ્રસાદ, ૧૦૦૦ ફૂડ પેકેટ્સ કોર્પોરેશન દ્વારા વિતરણ થઈ રહ્યાં છે. સાથોસાથ દરરોજ ૧૦૦૦ લિટર છાશ, ૫૦ લીટર દૂધ વિતરણનું કાર્ય પણ થઈ રહ્યું છે.



ગુજરાત પોલીસ પાટણ એસ.ઓ.જી .પી એસ આઈ. એચ.એલ.જોષી સાહેબ ની સરાહનીય કામગીરી કોરોના ના કપરા સમયે લોકોસેવા ની સાથે સાથે અબોલ જીવો પર પણ દયા દાખવી હતી.વિશ્વ ભરમાં કોરોના વાયરસ ની દહેશત ને પગલે સમગ્ર ભારત ને લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે તેવા કપરા સમયે પાટણ શહેર ના ગરીબ પરિવારો ને પોતાના થકી બને ત્યાં સુધીની તમામ મદદ કરવાનું આહવાન ની સાથે સાથે મૂંગા અબોલ પશુ પંખી જેવા જીવો ની પણ સાર સંભાળ રાખી તેમને પણ લોકડાઉન સમયે ખોરાક ની શોધ માં ફરતા જીવો ની ભૂખ પુરી પાડી માનવતા નો સંદેશો આપ્યો હતો....નિખિલ જોશી.ચાણસ્મા

### જાયન્ટ્સ પાટણ તરફથી પાટણ ના વિવિધ સલ્મ વિસ્તાર માં

# જરૂરિયાત મંદ ગરીબ પરિવારને ફરસાણ અને મીઠાઈ નુ વિતરણ કરવામાં આવ્યું



જાયન્ટ્સ પાટણએ પાટણ ની સેવાકીય પ્રવુતિ કરતી અગ્રણી સંસ્થા છે. જાયન્ટ્સ પાટણ તરફથી આજ રોજ તારીખ ૨૯.૩.૨૦ ના રોજ પાટણ ના વિવિધ સલ્મ વિસ્તારમાં ફરસાણ અને મીઠાઈ ના દાતાશ્રીઓ જેવાકે મહાકાળી સ્વીટ માર્ટ.સાલવી વાડો. કનૈયા નાસ્તા હાઉસ ,ત્રણ દરવાજા.અને રાકેશ ભાઈ શાહ જેવા ગુણિયલ દાતા શ્રી ઓના સહયોગ થી જરૂરિયાત મંદ તમામ પરિવાર ને કીટ બનાવી વિતરણ કરવામાં આવ્યું આ સેવાકીય યજ્ઞ માં પાટણ પી. આઈ શ્રી ચિરાગભાઈ ગોસાઈ. ગ્રુપના વિવિધ હોદ્દેદારો જેવાકે ઉજ્જવલ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, સત્યેન્દ્રભાઈ શાહ,સુનિલભાઈ. દિલીપભાઈ. સુનિલભાઈ ગોસાઈ અને મૌલિકભાઈ હાજર રહ્યા હતા ગ્રુપ તરફથી ભારતના દરેક નાગરિક ને અપીલ કરવામાં આવે છે. કે કોરોના વાઈરસ નો ફેલાવો ના થાય તે માટે દરેક નાગરિક પોતાના ઘર માં રહે અને લોક ડાઉન એ આપણા ઘરની લક્ષ્મણ રેખા સમજી ને કોઈ જ વ્યક્તિ ઘરની બહાર ન નીકળી દેશ તેમજ વિશ્વ ને સાથ સહકાર આપે

# પ્રાણીઓ પરના પ્રયોગો વિશે ફરીથી વિચારવાની જરૂર : રાજગોપાલ મહારાજા

આપણને એવા ઉપયોગી વિજ્ઞાનની જરૂર છે કે જે દવાઓ સસ્તી પણ મળે અને માનવ શરીર પર વધુ અસરકારક હોય એવી રીતે તૈયાર થાય. એવું કેવી રીતે શક્ય બને કે જે ડ્રગ્સની પ્રાણીના શરીર પર અસર થાય તેની માનવ શરીર પર પણ એવીજ અસર થાય.

ઉંદર, દેડકા,ડોગ્સ, બિલાડી,સસલાં, ભૂંડ,વાનર, ફીશ, પક્ષીઓ સહિત ૧૦૦ મિલીયન જેટલા પ્રાણીઓનો અમેરિકાની લેબોરેટરીઓમાં જીગ્નાશા તેમજ પ્રયોગોના નામે દરવર્ષે ખાત્મો બોલાવાય છે. ભારત નેપાળ, બાંગ્લાદેશમાં પણ આવા પ્રયોગો થાય છે. માટે પ્રયોગોમાં વપરાતા પ્રાણીઓની સંખ્યા ડબલ થઈ જાય છે. અહીં મહત્વનું એ પણ છે કે કોઈ પણ રોગ ક્યોર કરવા કે સંશોધન કરવા માટેની કોઈ પેટન્ટ ભારત પાસે નથી. ભારતમાં તેલંગાણા ખાતે ટેસ્ટીંગ માટે પ્રાણી ઉછેરવા માટે ૧૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે.

પ્રાણીઓ પરના પ્રયોગોમાં વિજ્ઞાનીઓને લાખો વાર નિષ્ફળતા મળી છે તેના પરથી એમ કહી શકાય કે પ્રાણીઓ પરના પ્રયોગો ટ્રાયલ એન્ડ એરર મેથડ પર થઈ રહ્યા છે. ઈતિહાસ પર નજર કરો તો ખ્યાલ આવશે કે માનવ જાતના લાભ માટે પ્રાણીઓ પર કરેલા પ્રયોગો સાવ ફ્લોપ ગયા છે. કેટલાક ડ્રગ્સ માનવ શરીરને અસર કરતા નથી છતાં પ્રાણીઓ પરના સફળ ટેસ્ટીંગના નામે તે બજારમાં મુકાય છે. જેના કારણે માનવ આરોગ્ય સામે મોટું જોખમ ઉભું થાય છે. પ્રાણીઓ પરના પ્રયોગો પરથી બે મુદ્દા જાણવા પ્રયાસ કરાય છે. એક તો એકે ડ્રગ્સના વપરાશથી માનવજાતને કોઈ જોખમ નથીને? બીજું એકે પ્રાણીઓ પરના પ્રયોગો રૂટીન પ્રમાણે કરવા પડે છે.

અમેરિકાની ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પરની ફેડરલ એજંસીના કેટલાક આંકડા પ?માણે. સત્તાવાર રીતે બહાર પડાયેલી વિગતો અનુસાર માનવ શરીર માટે વપરાતા ડ્રગ્સનું ટેસ્ટીંગ પ્રાણીઓ પર થાય છે તે પૈકી ૯૦ ટકા નિષ્ફળ જાય છે. આનો અર્થ એ થયો કે અનેક ડ્રગ્સ માનવ જાત માટે જોખમ ભર્યા છે.

અહી પ્રશ્ન એ નથી કે પ્રાણીઓ પર પ્રયોગો શા માટે થાય છે પરંતુ મહત્વ એ વાતનું છે કે જે પ્રયોગો પ્રાણીઓ પર નિષ્ફળ જાય છે તે માણસ માટે ઉપયોગી બની રહે છે. કેન્સરની સારવાર માટે અસરકારક દવા નથી મળતી તે પણ પ્રશ્ન છે.

થાલીડોમાઈડનું ઉદાહરણ જોઈએ : . ૧૯૫૦-૬૦ના દાયકામાં થાલીડોમાઈડથી મોટો વિવાદ થયો હતો. પ્રાણીઓ પર તેનું સફળ પરિક્ષણ થયું હતું. ઉંઘ માટે તેમજ ઉલટી અટકાવવા માટેના ડ્રગ તરીકે તેનું માર્કેટીંગ થયું હતું. પરંતુ એકજ વર્ષમાં તેના વપરાશ બાબતે વિવાદ થયો હતો. જે મહિલાઓ આ ડ્રગ લેતી હતી તેને ડીલીવરી વખતે એવી સમસ્યા થતી હતી કે તેનું બાાળક કેટલીક ખોડ સાથે જન્મતું હતું. જે બાળકને પગના હોય તપાસ બાદ ખ્યાલ આવ્યો હતો કે થાલીડોમાઈડ કારણભૂત છે. અંતે તે ડ્રગ પર પ્રતિબંધ મુકી દેવાયો હતો.

બિજા ઉદાહરણો જેમકે ક્લીઓક્વિનોલ.તેના પ્રાણીઓ પર સફળ પ્રયોગ થયા હતા. તે ઝાડા બંધ કરવા માટે વપરાતું ડ્રગ હતું. ઉંદર, બિલાડી,કૂતરા અને સસલાં પર તેનું સફળ પરિક્ષણ કરાયું હતું. પરંતુ જ્યારે માનવ સમુદાયે તેનો ઉપયોગ શરૂ કર્યો ત્યારે તેના કારણે અંધાપો અને લકવો થવા લાગ્યો હતો. એવી રીતે મિથાઈસરગીડનું પ્રાણીઓ પર સફળ પરિક્ષણ કરાયું હતું . આ ડ્રગ માથાના દુખાવો મટાડતા ડ્રગ તરીકે વપરાતી હતી.પરંતુ તેના કારણે માનવ શરીરમાં કિડની, હાર્ટ, પેટની પેશીઓ વગેરેને ડેમેજ થવા લાગ્યું હતું. આવા તો અનેક દાખલા છે. સિક્કાની બીજી બાજુ એ પણ છે કે ડ્રગ ફેલ જાય એટલે વિજ્ઞાનીઓ વધુ પ્રયોગો કરે છે પરંતુ તેના કારણે અબોલ જીવોનો જીવ જાય છે તે કોઈ વિચારતું નથી.

અહીં એક મુદ્દો એ પણ છે કે સર્જરી દરમ્યાન દર્દીના ફેફસા કામ કરતાં બંધ ના થઈ જાય એટલે પ્રેશર આપીને વેન્ટીલેશન અપાય છે. આ સફળ સિસ્ટમ સાબિત થઈ છે.પરંતુ આ પ્રયોગ પ્રાણીઓ પર નિષ્ફળ ગયો હતો. જયારે તે પરીક્ષણ સીધુંજ માનવજાત પર કરાયું ત્યારે તેમાં સફળતા મળી હતી. જેને મોટું સાયન્ટીફીક સંશોધન કહેવાયું

હાર્ટ સર્જરીમાં વપરાતો કેજબોલ વાલ્વની સફળતાની પણ આવીજ સ્ટોરી છે. તેનું પરિક્ષણ પ્રાણીઓમાં સફળ ના થયું પણ માનવમાં તે સફળ થયું હતું. પોલીયો વેક્સીન શોધનાર એલ્બર્ટ સેબીને કહ્યું હતું કે મને સંશોધનમાં વાર એટલા માટે લાગી કે અમે વાનર પર સંશોધન કરવામાં ગેરમાર્ગે દોરવાયેલા રહ્યા હતા.

અહીં કેટલાક મેડિકલ તેમજ સાયન્ટિફીક સંશોધકોના નિવેદનો સામેલ કર્યા છે. સસલામાં અને ડુક્કરમાં પેનીસીલીનના અસરકારક પરિણામો નહોતા મળ્યા પણ માનવ જાત પરના પ્રયોગો સફળ રહ્યા હતા.

હેન્ડ બુક ઓફ લેબોરેટરી એનિમલ સાયન્સમાં લખ્યું છે કે પ્રાણીઓ પરના પ્રયોગો ગેર માર્ગે દોરનારા હોય છે અને લાખો પ્રાણીઓનો પ્રયોગાના નામે ખાત્મો બોલાવાય છે. પ્રાણીઓ પરના પ્રયોગો સિવાય પણ પરિક્ષણ કરી શકાય એવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. આવી ટેકનીક સસ્તી પણ હોય છે. જેમકે નોન જીનોટોક્સીક કેન્સરના જોખમનું પ્રાણીઓ પર પરિક્ષણનો ખર્ચ સાત લાખ ડોલર આવે છે જ્યારે ઈન વિટ્રો મેથડમાં માત્ર ૨૨,૦૦૦ ડોલરનો ખર્ચ થાય છે.નવી ટેકનીકની જાણકારી હોવા છતાં પ્રાણીઓ પર પરિક્ષણ કરવાની સિસ્ટમ અટકતી નથી. પોતાની જાતને એક્સપર્ટ સાયન્ટીસ્ટ માનતા લોકો સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. જો મેડિકલના ઉપયોગમાં ના આવતા હોય એવા પરિક્ષણો પ્રાણીઓ પર શા માટે કરવામાં આવે છે કે જેના કારણે કરોડો અબોલ જીવો જાન ગુમાવે છે.

રાજગોપાલ મહારાજા
કાસા હાઈસ્કૂલ પૂર્વ આચાર્ય
જિલ્લો પાટણ

### ૧૬૦૦ થી વધુ શ્રમિકોને ૧૫ દિવસની કરિયાણાની કીટ આપી

# મોડાસામાં લઘુમતી સમાજના "યુવા ગ્રુપ" એ સર્વધર્મ સદભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસ ને ૨૧દિવસ ના લોક ડાઉનને લઈને રોજેરોજ કામ કરીને પરિવાર નું ભર પોષણ કરતા શ્રમિકોને તેમજ સર્વ ધર્મના ગરીબ વર્ગો ના પરિવાર માટે મોડાસા નું મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા ૧૬૦૦ થી વધુ કરિયાણા કીટ નું વિતરણ કરીને સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમગ્ર દેશમાં કોરોના વાઈરસની મહામારી માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૧ દિવસને લોક ડાઉન કરવામાં આવ્યું છે ત્યારે સમસ્ત દેશમાં જીવન જરૂરિયાત સિવાય ની ખરીદી તેમજ વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યું છે અને ધંધા રોજગાર પણ બંધ કરવામાં આવ્યા છે ત્યારે ગરીબ વર્ગો તેમજ રોજેબરોજ મજૂરી અને રોજે રોજ કમાઈને કુટુંબ નું ભર પોષણ કરી ગુજરાન ચલાવતા પરિવાર પર આભ તુટી પડ્યું છે ત્યારે તેમની ચિંતા કરી મુસ્લિમ સમાજ ના ૨૫૦ થી વધુ સભ્યો દ્વારા ચાલતું યુવા ગ્રુપ મોડાસા દ્વારા ગરીબ તેમજ શ્રમિકો માટે ૧૬૦૦ થી વધુ અનાજની કીટ તૈયાર કરવામાં આવી છે જેનો મુખ્ય ઉદ્દેશ ૨૧ દિવસ ના લોક ડાઉન બાદ ગરીબ પરિવાર ને રોટી મળી રહે અને ગરીબ પરિવારના ૧૫ દિવસ ચાલે તેટલું કરિયાણા કીટ તૈયાર કરી અને ઘરે ઘરે વિતરણ કરવામાં આવે અને ફરી જરૂરી લાગશે તો ફરી પણ કરિયાણા કીટ તૈયાર કરવામાં આવશે તેવું યુવા ગ્રુપના સભ્યો એ જણાવ્યું હતું.

કોરોના મહામારી સામે સમગ્ર દેશમાં લોક ડાઉન જાહેર કરાયું છે લોકોને સરકાર દ્વારા ઘરોની અંદર રહેવા અપીલ કરાઈ રહી છે ઘરોમાં રહો સુરક્ષિત રહો જેવા સુત્રો દ્વારા લોકોને સમજાવવાના પ્રયાસો કરાઈ રહ્યા છે ત્યારે આ લોક ડાઉનને વખતે કેટલાય લોકો એવા છે કે જે રોજ કમાઈ ને રોજ ખાવા વાળા છે તો આવા લોકો ને મદદ કરવાનું બીડું મોડાસા ની સેવાભાવી સંસ્થાઓ એ ઉપાડ્યું છે ત્યારે મોડાસા ના ૧૬૦૦ જેટલા ગરીબ પરિવાર માટે મોડાસા ના મુસ્લિમ સમાજ ના યુવા ગ્રુપ તરફથી સમાજ ના દાતાઓ ની મદદ થી ફાળો એકત્ર કરી ૧૫ દિવસ ચાલે તેટલી ૧૬૦૦ જેટલી કરિયાણા ની કીટો બનાવી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને જો આગામી સમય માં લોક ડાઉન ની સ્થિતિ લંબાય તો હજુ પણ ૨૦૦૦ જેટલી વધુ કીટોનું વિતરન કરી શકાય તેવું આગોતરું આયોજન તૈયાર કરી રાખ્યુ છે

## પરિવર્તન ગ્રુપ નું કાર્ય પ્રેરણા દાઈ છે બિરદાવું છું - શશીકાંતભાઈ પંડ્યા

# પાલનપુર ખાતે પરિવર્તન ગ્રુપ ના ભોજન કેમ્પ ની સમગ્ર જિલ્લા માં ફેલાઈ સુવાસ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર ખાતે પરિવર્તન ગ્રુપ દ્વારા આયોજિત ભોજન કેમ્પ માં દરરોજ ૭૦૦૦ થી વધુ લોકો ભોજન લઈ રહ્યા છે પાંચ યુવાનો નું સ્વપ્ન સમુ આ કાર્ય સમગ્ર શહેર ના નાગરિકો બિરદાવી રહ્યા છે ત્યારે જિલ્લા ના લોકપ્રિય આગેવાન અને ડીશા ના ધારાસભ્ય આજે ભોજન કેમ્પ ની મુલાકાત લઈ ભોજન વિતરણ માં જોડાયા હતા પાલનપુર એ શશીકાંતભાઈ નું માતૃ ભૂમિ હોવાથી પોતાની ઋણ ચૂકવવા આજ રોજ ગ્રુપ ની સાથે રહ્યા હતા ઉલ્લેખનીય છે કે કોરાના ની વૈશ્વિક



મહામારી માં પરિવર્તન ગ્રુપ ના યુવાનો છેલ્લા ૪ દિવસ થી દરરોજ ૫૦૦૦ થી વધુ લોકો ને નિશુલ્ક ભોજન આપવાનું પ્રેરણા રૂપ કાર્ય કરી રહ્યા શશીકાંતભાઈ પંડ્યા એ જણાવ્યું હતું કે આજ ના આ સમય ને સાથે મળી ને સરકાર ની સાથે રહી કોરોના મહામારી સામે લડવાનો સમય છે

અને આવા સંજોગો માં આ યુવાનો એ સમાજ ને પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે પરિવર્તન ગ્રુપ ના આ કાર્ય માં હું તમામ રીતે તેમની સાથે છું આ સેવા યજ્ઞ ને બિરદાવું છું પરિવર્તન ગ્રુપ દ્વારા ૨૧ દિવસ સુધી પાલનપુર માં આ ગ્રુપ દ્વારા ભોજન આપવામાં આવશે આ ગ્રુપ ના યુવાન મનોજ ઉપાધ્યાય,રવી સોની(પરિવાર ક્લાસિસ), દિવાકર જોશી, અશોક પટેલ (પટેલ મોબાઈલ) અને પ્રતીક જોશી (હોટલ રાધે) એ આ કાર્ય ને પોતાનું સ્વપ્ન સમાન ગણાવ્યું છે અને પોતાની જિંદગી ને ધન્ય માની રહ્યા છે

# કોરોના કોવિડ-૧૯ વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્યમાં જરૂરતમંદ વ્યકિતઓને ૮.૯૫ લાખ ફૂડપેકેટસ અપાયા

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસને વ્યાપક પ્રસરતો અટકાવવાની સતર્કતા રૂપે દેશવ્યાપી ૨૧ દિવસના લોકડાઉનમાં ગુજરાતમાં પ્રજાજનો – નાગરિકોને જીવન આવશ્યક ચીજવસ્તુઓ, સેવાઓ સુચારૂ રૂપે મળી રહ્યા છે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યના વહિવટીતંત્રએ આ અંગેનું સુદ્રઢ આયોજન કર્યુ છે

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે રાજ્યમાં લોકડાઉનના છઠ્ઠા દિવસની પરિસ્થિતીની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીએ લોકડાઉનની આ સ્થિતીમાં નિરાધાર, વૃદ્ધ, નિઃસહાય અને એકલવાયું જીવન જીવતા તથા શ્રમિકો, કામદારોને બે ટાઇમ પુરતું ભોજન મળી રહે તે હેતુસર સ્થાનિક જિલ્લાતંત્રોને સેવા સંગઠનો સાથે સંકલન કેળવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પ્રેરિત કરેલું છે

આ સંદર્ભમાં સમગ્ર રાજ્યમાં આવા લોકોને ફૂડપેકેટસ-ભોજન વિતરણની વ્યવસ્થા અંતર્ગત સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ લાખ ૯૫ હજાર ફૂડપેકેટસનું વિતરણ થયું છે. સોમવારના એક જ દિવસમાં ૨.૭૦ લાખ આવા ફૂડ પેકેટસ જરૂરતમંદ વ્યકિત-પરિવારોને અપાયા છે

રાજ્યના ૮ મહાનગરોમાં મહાનગરપાલિકાઓએ સ્વૈચ્છિક સંગઠનો અને સેવાભાવી દાતાઓના સહયોગથી આવા ૧ લાખ ૮ હજાર ફૂડ પેકેટ સોમવાર એક જ દિવસમાં વિતરીત કરેલા છે એમ પણ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું

મુખ્યમંત્રીશ્રીના સચિવે કહ્યું કે, પ્રજાજનો-નાગરિકોને જીવન આવશ્યક ચીજવસ્તુઓ અને આવશ્યક સેવાઓ સરળતાએ મળી રહે તે માટે ફેરિયાઓ, નાના વેપારીઓ, આવશ્યક સેવાના શ્રમિક કર્મીઓ સહિત ૧.૫૯ લાખ વ્યકિતઓ માટે પાસ સંબંધિત સ્થાનિક તંત્ર વહિવટી તંત્ર તરફથી ઈસ્યુ કરવામાં આવ્યા છે.

વિશ્વવ્યાપી આ મહામારી સામે લડવા માટે જરૂરી ફંડ ઊભું કરવા મુખ્યમંત્રીશ્રી રાહતનિધિમાં જનતા જનાર્દનને ફાળા-યોગદાન માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કરેલી અપિલનો વ્યાપક પ્રતિસાદ આપતાં સોમવાર બપોર સુધીમાં આ નિધિમાં ૨૭ કરોડ રૂપિયાની રાશિ સ્વૈચ્છિક દાતાઓ, ધર્મસંગઠનો, સેવાવ્રતીઓએ જમા કરાવી છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ આપી હતી.

શ્રી અશ્વિનીકુમારે રાજ્યમાં દૂધ-શાકભાજી-ફળફળાદિ વગેરેના પુરવઠાની ઉપલબ્ધિની વિગતો આપતાં ઉમેર્યુ કે, સોમવારે રાજ્યના નાગરિકોને ૪૪.૮૨ લાખ લિટર દૂધનું વિતરણ થયું છે.

દૂધ ઉપરાંત દૂધની અન્ય બનાવટ-મિલ્ક પ્રોડકટસનો જથ્થો પણ પર્યાપ્ત માત્રામાં છે તેની છણાવટ કરતાં તેમણે કહ્યું કે, ૮૧૦૦ મે.ટન બટર-માખણ, ૩૨૫૦૦ મે.ટન મિલ્ક પાવડર, ૧૧૦ મે.ટન પનીર અને ૩૭૫ મે.ટન ચીઝ અત્યારે ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, રાજ્યમાં શાકભાજી અને ફળફળાદિ પણ બેરોકટોક નિયમીતપણે આવતા રહ્યા છે.

સોમવારે રાજ્યમાં ૧ લાખ ૭ હજાર ૪૪૦ કવીન્ટલ શાકભાજીનો આવરો થયો છે તેમાં, ૨૧૮૯૫ કવીન્ટલ બેટેટા, ૨૫૪૭૨ કવીન્ટલ ડુંગળી, ૧૦૬૭૮ કવીન્ટલ ટામેટા અને ૪૯૧૭૬ કવીન્ટલ અન્ય લીલા શાકભાજી આવ્યા છે.

ચૈત્રી નવરાત્રિના પર્વ દરમિયાન ઉપવાસ-વ્રત કરનારા લોકોને ફળફળાદિ પણ પૂરતી માત્રામાં મળી રહે છે. રાજ્યમાં આવા ૧૫૪૩૬ કવીન્ટલ ફળોની સોમવારે આવક થઇ છે તેમાં સફરજન ૭૮૦ કવીન્ટલ, કેળાં ૫૬૨ કવીન્ટલ અને અન્ય ફળો દ્રાક્ષ-ટેટી-તડબૂચ વગેરે ૧૪૦૯૩ કવીન્ટલ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ લોકડાઉનની આ પ્રવર્તમાન સ્થિતીમાં રાજયના નાગરિકોને ત્વરાએ જરૂરી સહાયતા મળે તે માટે રાજ્ય કક્ષાએ હેલ્પલાઇન ૧૦૭૦ અને જિલ્લાકક્ષાએ હેલ્પલાઇન ૧૦૭૭ કાર્યરત કરાવેલી છે.

આ હેલ્પલાઇનમાં ૧૦૭૦ને ૯૦૮ કોલ્સ અને ૧૦૭૭ – જિલ્લા હેલ્પ લાઇનને ૬૧૦૩ કોલ્સ અત્યાર સુધી મળ્યા છે.

આ મદદ માટેના બહુધા કોલ્સ મેડીકલ ફેસેલીટીઝ, દવાઓ, દૂધ, અનાજ, કરિયાણું તથા ખાદ્યસામગ્રી માટેની જરૂરિયાતના હોય છે અને આ સંબંધે જરૂરી કાર્યવાહી પણ તંત્ર હાથ ધરે છે એમ પણ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતીમાં નાગરિકો-વ્યકિતઓને જીવનજરૂરી ચીજવસ્તુઓ વિના વિઘ્ને અને સરળતાએ મળી રહે તેવી સંપૂર્ણ વ્યવસ્થાઓ રાજ્ય સરકારે ગોઠવી છે અને તેનું નિયમતી મોનિટરીંગ પણ થાય છે.

# શ્રી ટીંટોઈ માઈ મંડળ,ટીંટોઈ દ્વારા જરૂરિયાતમંદોને અનાજ કીટ વિતરણ



મોટી ઈસરોલ, તા.૩૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીટોઈ ગામેશ્રી આઁહોજધામ તરીકે જાણીતા શ્રી આઁહોજ માતાજીના મંદિર ટ્રસ્ટ દ્વાર જરૂરિયાતમંદ પરિવાર માટે અનાજ- કરિયાણાની પંદર દિવસ ચાલે તે પ્રમાણે કીટ વીતરણનુ આયોજન કરવામાં આવ્યું છે..ટ્રસ્ટના પ્રમુખ દીપકભાઈ ભટ્ટ સાથેની વાતચીત મુજબ ભારત સરકાર દ્વારા કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે ત્યારે કેટલાયે પરિવારોની દૈનિક કમાણી બંધ થઈ ગયેલ છે જેથી શ્રી આઁહોજ માતાજી મંદિર (શ્રી આઁહોજ ધામ) દ્વારા જરૂરીયાત મંદ પરિવારને પંદર દિવસ ચાલે તેટલું અનાજ કરિયાણું આપવા માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વિતરણ કરવામાં આવી રહ્યું છે જેમાં ઘઉંનો લોટ : ૫ કિલો, ચોખાઃ ૩ કિલો ,

તુવેરની દાળ:૧ કિલો ,મગની દાળ: ૫૦૦ ગ્રામ ,

તેલ: ૧ કિલો ગોળ: ૧ કિલો,મરચું: ૨૦૦ ગ્રામ

હળદર: ૧૦૦ ગ્રામ અને મીઠું :૧ કિલોનો સમાવેશ થાય છે

પ્રમુખ દીપકભાઈ અપીલ કરી રહ્યા છે કે કોરોના વાયરસ ત્યાં સુધી તમારા ઘરે નહિં આવે જ્યાં સુધી તમે એને લેવા બહાર નહીં જાવ...ઘરે રહો - સલામત રહો.×જય માતાજી!!!

# ગુજરાત ના જરૂરિયાતમંદ કલાકારો/ કસબીઓ માટે મદદની હાકલ

તારીખ ૨૯ માર્ચ ૨૦૨૦ અમદાવાદ.

તાજેતરમાં ફેલાયેલી વૈશ્રવિક મહામારી માં ફિલ્મો, રંગભુમિ, ટી.વી. શો, સંગીત, નૃત્ય સાથે સંકળાયેલા હજારો નાના કલાકારો/ કસબીઓ અત્યારે કપરી પરિસ્થિતિમાં આવી ગયા છે.

નામી અને સક્ષમ કલાકારો/ કસબીઓને ને બાદ કરતાં મુંબઈ અને ગુજરાત ના હજારો કલાકારો/ કસબીઓ જેમાં જુનીયર આર્ટીસ્ટો, નૃત્ય સાથે સંકળાયેલા કલાકારો, લાઇટ્સબોયઝ, સ્પોટબોયઝ, મેક અપ આર્ટીસ્ટો, મ્યુઝીશ્યન્સ, ગાયકો, સેટવાળાઓ, બેકસ્ટેજવાળાઓ જેવા અનેક લોકો અત્યારે રોજેરોજ ચાલતા શુટિંગ અને શો બંધ થઇ ગયા હોવાથી ખુબ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. રોજેરોજ ના શુટિંગ અથવા શોની આવક પર સંપુર્ણ નિર્ભર એવા આ કલાકારો/કસબીઓની દૈનિક આવક બંધ થઇ જતાં પેટ કેમ ભરવું તે સૌથી મોટો પ્રશ્ર્ન ઉભો થયો છે. આ એવા કલાકારો/કસબીઓ છે જે પડદા કે રંગમંચ પર ખુમારીથી પોતાનું કાર્ય અદા કરે છે. અને માટે જ ખુલીને તેમની આ પરીસ્થીતી નથી કોઇને કહી શક્તા કે નથી સહી શક્તા.આ માટે જાણીતા નિર્માતા/દિગ્દર્શક અભિલાષ ઘોડાએ પણ બે દિવસથી મોટું મીશન ઉપાડ્યું છે અને ગુજરાત ના મોટા લગભગ તમામ સેન્ટર પર આ જ ઇન્ડસ્ટ્રીના સેવાભાવી લોકોની એક આખી ટીમ ઉભી કરી ઘઉં નો લોટ, મગદાળ, ચોખા, તેલ, જરૂરી મસાલા, ચ્હા - ખાંડ જેવી તાતી જરૂરીયાતની એક કીટ ગુજરાત ના છેવાડાના જરૂરિયાત વાળા કલાકારો/ કસબીઓ સુધી પહોંચે તે દિશામાં સજ્જડ કામગીરી શરૂ કરવામાં આવી છે.પબ્લિક પ્લેટફોર્મ પર અભિલાષ ઘોડા દ્વારા કરવામાં આવેલી આ અપીલને ન ધારેલો પ્રતિસાદ દેશના ખુણે ખુણે થી તથા અમેરિકા, લંડન , ઓસ્ટ્રેલિયા અને પોલેન્ડ જેવા દેશો માંથી પણ મળી રહ્યો છે.

આ મીશનમા અમેરિકા ના મહત્વના રાજ્યો, લંડન, ઓસ્ટ્રેલિયા, પોલેન્ડ તો ભારતમાં મુંબઈ, વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, આણંદ, નડીયાદ, ગોધરા, દાહોદ, હાલોલ, અમદાવાદ, મહેસાણા, વિસનગર, હીમ્મતનગર, ઇડર, પાટણ, ઉંઝા, પાલનપુર, મોડાસા, માણસા, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, વેરાવળ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, ભુજ, ગાધીધામના આ જ ક્ષેત્ર સાથે જોડાયેલા સેવાભાવી મીત્રોનો ન ધારેલો સહકાર સાંપડ્યો છે. અને આ અનુદાન આપવા ચારેબાજુથી લોકો આગળ આવ્યા છે.

ઉપરોક્ત પ્રતિ કીટ માટે રૂપિયા ૩૫૧/- નું અનુદાન આપ પણ આપની યથાશક્તિ જેટલી કીટ આપવી હોય તે પ્રમાણે અભિલાષ ઘોડા ( ૯૮૯૮૦૩૨૪૪૩) ને આપી શકો છો. વધુ વિગતો માટે ફેસબુક પર અભિલાષ ઘોડા ની સમય સમય પર આવતી પોસ્ટ જોઇ શકો છો.





જન ફરિયાદ ઊર્મિ ફાઉ ન્ડેશન દ્વારા જે લોકો કોઈને કહી નથી શકતા તેમજ માંગી નથી શકતા તેવા શાહપુર ના પરિવાર ને ૨૦ કિતો અપાઈ તેમજ રાણીપુર.નારોલ ખાતે ૨૫૦ લોકો ને ફૂડ પેકેટ વહેચવામાં આવ્યા..લોકો પોતાની રીતે આવી સહાય ઊર્મિ ફાઉંન્ડેશન માં પોતાની સ્વેચ્છાએ મોકલાવે છે તેમજ ઘણા લોકો ૯૦૦ રૂપિયા ની એક કીટ પ્રમાણે પણ આપી રહ્યા છે. અહેવાલ . નીલેશ રાંવલ

# પાલનપુરમાં કોરોનાનો નાઈટ બંદોબસ્ત પુરો કરી ઘરે જઈ રહેલા હોમગાર્ડ જવાનને અકસ્માત નડ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુરમાં કોરોના નાઈટ રાઉન્ડમાં ફરજ બજાવી પોતાના ઘરે જઈ રહેલ એક હોમગાર્ડ જવાનને છાપી નજીક અકસ્માત નડતા ૧૦૮માં પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાયો હતો.ત્યારબાદ વધુ હાલત ગંભીર જણાતા મહેસાણા ખાતે રીફર કરવામાં આવ્યો છે.

કોરોના વાયરસના પગલે સરકાર દ્વારા ૨૧ ભારત લોક ડાઉન કરવામાં આવ્યુ છે.જેના પગલે કાયદો અને વ્યવસ્થા જઈવાઈ રહે તે માટે પોલીસ સાથે હોમગાર્ડ જવાનોને પણ ફરજ ઉભર મુકવામાં આવ્યા છે.જેમાં પાલનપુર યુનિટમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાન અબ્દુલ સત્તાર



ઉસ્માનભાઈ બહેલીમને કોરોના બંદોબસ્તમાં પારપડા રોડ ઉપર ફરજ સોપવામાં આવી હતી.જેમાં નાઈટ ફરજ પુરી કરી એક્ટીવા ઉપર પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા.તે સમયે છાપી નજીક અકસ્માત નડ્યો હતો.જેની જાણ ૧૦૮ને થતા સ્ટાફના ઈએમટી વિક્રમભાઈ પરમાર અને પાયલોટ જીતેન્દ્રભાઈ પ્રજાપતિ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

અને ૧૦૮માં પ્રાથમીક સારવાર આપી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સરવાર માટે ખસેડવામાં આવ્યા હતા.પરંતુ હાલત વધુ ગંભીર જણાતા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે મહેસાણ ખસેડવામાં આવ્યા હતા.ઘટનાને પગલે હોમગાર્ડના અધિકારીઓ દોડી આવ્યા હતા.આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોચી શુ કારણથી અકસ્માત સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## લોકડાઉનનનો ભંગ કરનાર ૧૦૦થી વધારે વાહનો ડિટેઈન કરાયા

# અરવલ્લીમાં લોકડાઉન અમલવારી માટે પોલીસ વડા મયુર પાટિલે સંભાળ્યો મોરચો





અરવલ્લી બ્યુરો મોડાસા

છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કર્યું છે. પરંતુ હજુયે કેટલાય લોકો કોઈપણ જાતની સુરક્ષા વગર બહાર ફરતા નજરે ચઢી રહ્યા છે. પોલીસ દ્વારા માનવતાના ધોરણે અનેક લોકોને જતા કર્યા છે પરંતુ હજુ લોકોમાં રોગની ગંભીરતા ન આવતી હોવાને કારણે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને લાલ આંખ કરવાની ફરજ પડી છે. શુક્રવારના રોજ જીલ્લા પોલીસવડા મયુર પાટીલ મોડાસા ચાર રસ્તા પર અનેક કલાકો ઉભા રહી વાહનચાલકોને કાયદાનો પાઠ ભણાવ્યો હતો અરવલ્લી જિલ્લા પોલીસે કામ વગર બહાર નિકળતા ૧૦૦ જેટલા વાહનો ડિટેઈન કર્યા હતા. તેમજ ટોળાવળી બેસી રહેતા લોકો સામે પણ કાયદાકીય કાર્યવાહી હાથધરાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે . સરકારે કોરોના વાઈરસનું સંક્રમણ દેશમાં વધુ ન થાય તે માટે લોકડાઉન સમગ્ર દેશમાં જાહેર કરી દીધું છે. આગામી ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરવા પાછળનું તાત્પર્ય માત્રને માત્ર લોકોને રોગની ચુંગાલમાંથી છોડાવવાનો છે ત્યારે લોકો પણ પોતાની વિવેક બુધ્ધિ મુકીને બહાર નિકળવાનું ચુકતા નથી. કેટલાક કિસ્સાઓમાં જાત જાતના બહાના કાઢીને બહાર ફરી રહ્યા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે લોકો રોગની ગંભીરતાને અવગણતા હોય પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવાની ફરજ પડી છે. શુક્રવારના રોજ કાયદાનો કડક અમલ કરાવવા અરવલ્લી જિલ્લા પોલીસવડા મયુર પાટીલ પણ માર્ગ ઉપર ઉભા રહી ગયા હતા. જ્યારે અરવલ્લી પોલીસે જિલ્લામાંથી કુલ ૧૦૦ જેટલા વાહનો ડીટેઈન કરીને કાયદાની લાઠી ચલાવી છે ત્યારે હજુ પણ અરવલ્લી જિલ્લામાં સ્થિતિ હાથમાં છે જો લોકો નહીં સમજે તો લોકોને હેરાન થવાનો વારો આવે તો નવાઈ નહીં.

# પાટણના હિંગળાચાચર જુનાગંજમાં પોલીસે દુકાનો બંધ કરાવતાં એસપીને રજૂઆત

પાટણ શહેરમાં અત્યારે જ્યારે આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓને લોકોની સગવડ સચવાય અને તેની અછત ના સર્જાય તે માટે ચોક્કસ નિયમોના આધારે વેપાર કરવાની છૂટ આપવામાં આવી હોવા છતાં નિયમોનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે અને લોકો ખરીદી માટે બહાર ફરી રહ્યા છે અને બીજા લોકો માટે જોખમ બની રહ્યા છ

` પાટણ વેપારી મંડળ અને પોલીસ તંત્ર વચ્ચે અગાઉ થયેલી મિટીંગમાં સવારે ૮ થી રાત્રે આઠ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાનો નિયમ બન્યો હતો જે પ્રમાણે વેપારીઓ તેમની દુકાને હતા ત્યારે બપોરે બાર વાગ્યે એકાએક પોલીસ તંત્રએ શહેરના હિંગળાચાચર અને જૂના ગંજમાં ફફડાટ દુકાનો બંધ કરાવી હતી આ બાબતે પાટણ કરિયાણા બજાર એસોસીએશનના પ્રમુખ સુરેશ ભાઈ સી પટેલે પાટણના ડીએસપી સાથે ફોન પર વાત કરીને જાણ કરી હતી તો ડીએસપીએ સુરેશભાઇને એમ કહ્યું કે દુકાનો આઠ થી આઠ ખુલ્લી રાખવાનો નિયમ છે પોલીસ આવું ન કરી શકે સુરેશભાઇ એ ડીએસપીને જણાવ્યું કે બપોરે દુકાનો બંધ કરાવ્યા પછી પોલીસ દેખાતી નથી એવી ફરિયાદ પણ કરી હતી

સુરેશભાઇ એ જણાવ્યું કે અમે વેપારીઓ જ્યારે પોલીસ સાથે દુકાનો ખુલ્લી રાખવા માટેના સમય નિર્ધારિણ અંગે ચર્ચા કરી હતી ત્યારે પોલીસે જ સવારે આઠથી રાત્રે આઠ સુધી મુલતવી રાખવાની સંમતિ આપી હતી પરંતુ પોલીસે જ દુકાનો બંધ કરાવી હતી



આજરોજ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર સાહેબ શ્રી તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ના સાહેબશ્રી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બનાસકાંઠા બ્રાન્ચ ના ચેરમેન સાહેબશ્રી ના આદેશ થી આજરોજ વગદા ગામ ખાતે લોકો ને કોરોના વાઈરસ થી બચવા શું કરવુ તેના વિશે લોકો ને (અવેરનેસ) સમજણ આપવામાં આવી તથા વગદા ગામ મા અનેક સ્થળો પર કોરોના વાઈરસ થી બચવા શું કરવુ તેના બેનર લગાવવા મા આવીયા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બનાસકાંઠા જિલ્લા ના ડિસ્ટ્રિક્ટ ડીઝાસ્ટર રિસ્પોન્સ ટીમ ના મેમ્બર રાવલ પાર્થ તથા રાવલ વિશાલ દ્નાર લોકો ને અપીલ કરવામાં આવી કે ઘરમાં રહો સુરક્ષિતરહો આ કાર્ય મા આશાવર્કેર ભાવનાબેન રાવલ આંગણવાડી કાર્યકર નિરૂબેન રાવલ તથા રિન્કુબેન જોષી તથા ગામ ગ્રામજનો સહીયોગ મળી રહ્યો હતો બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.